પ્રકરણ ૩- ભાગ ૨

વીમાનું કામકાજ

અનુક્રમણિકા	અભ્યાસક્રમ શીખવાના પરિણામ
છ. વીમા પોલીસિ કેવી રીતે ખરીદાય છે અને લેવાય છે	૩.૯, ૩.૧૧, ૩.૧૫
ત. મહત્વના દસ્તાવેજો	૩.૮, ૩.૧૨, ૩.૧૩, ૩.૧૪, ૩.૧૭.
થ. વીમાના મુખ્ય શબ્દપ્રયોગ	૩.૮, ૩.૧૫, ૩.૧૬
૨. પ્રીમિયમની ચૂકવણી તથા માન્ય આવરણ વચ્ચે સુસંગતતા	૩.૧૦

શીખવાના હેતુ

આ પ્રકરણ શીખ્યા બાદ તમે નીચેની બાબતોમાં પાવરધા બની શકશો

- વીમો કેવી રીતે ખરીદાય છે અને લખાય છે તેની મુખ્ય વિશેષતા વર્ણવવામાં;
- વીમામાં વપરાતાં મુખ્ય દસ્તાવેજોનું અને તેની મહત્વતાનું વિશ્લેષણ કરવામાં;
- વીમામાં થતાં કેટલાક શબ્દપ્રયોગ સમજાવવામાં; અને
- માન્ય આવરણ અને પ્રીમિયમની ચૂકવણીની સુસંગતતાની ચર્ચા કરવામાં.

રજૂઆત

આ પ્રકરણના પ્રથમ ભાગમાં દરેક વીમા પાછળના સિદ્ધાંતો શું છે તે આપણે જોઈ ગયા. આ બીજા ભાગમાં આપણે પ્રથમ ભાગના આધારે વીમો અને ખાસ કરીને જીવન વીમો કઈ રીતે ખરીદી શકાય છે તે સમજશું. આ આપણે બે રીતે જોઈશું.

જેમની પાસે વીમો છે તેઓ જેનાથી સારી રીતે વાકેફ થાય તેવા મહત્વના દસ્તાવેજો પર આપણે પ્રથમ નજર નાંખશું અને તેની મહત્વતા કેટલી છે તેની ચર્ચા કરશું. પોલીસિની મુદત દરમ્યાન વીમા કંપની અને પોલીસિધારક વચ્ચે આ દસ્તાવેજોની આપ-લે થાય છે. બીજું, જીવન વીમામાં વપરાતા કેટલાક મહત્વના શબ્દપ્રયોગનો અર્થ શું છે તે પણ જોઈશું જેથી તમે તમારા ગ્રાહકને તે સમજાવી શકો.

મુખ્ય શબ્દો

આ પ્રકરણ નીચેના શબ્દપ્રયોગ અને ખ્યાલોની સમજ આવરી લે છેઃ

એસાઈનમેન્ટ	કેન્સલેસન	લેપ્સ	પ્રીમિયમ રસીદ
એસાઈનર	કુલીંગ ઓફ્ફ પીરિયડ	નોમીનેશન	પોલીસિ દસ્તાવેજ
એસાઈની	કન્ડીશનલ એસાઈનમેન્ટ	નોટિસીસ	પ્રોસ્પેકટસ
એબ્સોલ્યુટ એસાઈનમેન્ટ	એકસકલ્યુસન	પેઈડ અપ વેલ્યુ	રિવાઈવલ (બંધ પડેલ પોલીસિ ફરી ચાલુ કરવી)
એપોઈન્ટી	એન્ડોર્સમેન્ટસ (શેરા)	પ્રપોઝલ ફોર્મ (દરખાસ્ત પત્ર)	સરન્ડર વેલ્યુ (શરણ મૂલ્ય)

છ: વીમા પોલીસિ કેવી રીતે ખરીદાય છે અને લેવાય છે

એક વ્યક્તિએ શા માટે વીમો લેવો જોઈએ, વીમો શું છે અને તેની પાછળના સિદ્ધાંતો શું છે તે આપણે અગાઉના પ્રકરણોમાં સારી રીતે સમજી ગયા. તો પછી એક વ્યક્તિ વીમા પોલીસિ કઈ રીતે ખરીદી શકે ? પહેલા તો તેમણે એ જાણી લેવું જરૂરી છે કે વીમા જેવી કોઈ વસ્તુ છે.

છ૧ : પ્રાથમિક માહિતીના સ્રોત

વીમા કંપનીઓ વ્યાપક વિજ્ઞાપનો મારફત તેમના પ્રોડકટસમાં જાગૃતિ અને રસ જગાડે છે. વીમા કંપનીઓ દ્વારા જારી કરાતા પ્રોસ્પેકટસ અને વિજ્ઞાપનોમાં શું કહેવાવું જોઈએ (કલમઃ **ત-૫સી**) તેના પર ઈરડા દ્વારા જારી કરાયેલી માર્ગદર્શિકા બાબત આપણે પછીથી જોઈશું. આ માહિતીને આધારે કોઈ એક વ્યક્તિ વીમાની જરૂરિયાત છે એવું તારણ કાઢે છે અને તે માટે તે વીમા કંપની અથવા તેના એજન્ટનો સંપર્ક સાધે છે. પ્રોસ્પેકટસ પર આપણે કલમઃ **ત-૫સી**માં વિગતે જોઈશું.

આવી જ રીતે કોઈ જીવન વીમા એજન્ટ પણ સામે ચાલીને વ્યક્તિનો સંપર્ક સાધે છે અને તેઓ જે વીમા કંપનીના એજન્ટ છે તે કંપનીના વિવિધ પ્રોડકટસની જાણકારી આપશે.

છ-૨ : વીમો ખરીદવાનો હેતુ

કોઈપણ વ્યક્તિએ તેની જરૂરિયાત પ્રમાણે વીમો ખરીદવો જોઈએ. બજારમાં અનેક વીમા પ્રોડકટસ ઉપલબ્ધ છે અને તેમાંથી કયા ખરીદવા તે સંભાળપૂર્વકની યોગ્ય વિચારણા બાદ નક્કી કરવું જોઈએ. પોતાની જરૂરિયાતો પ્રમાણે વ્યક્તિ આજીવન વીમા પોલીસિ, એન્ડાઉમેન્ટ પોલીસિ, મનીબેક પોલીસિ, બાળ યોજના અથવા નિવૃત્તી યોજના વગેરે ખરીદવાની પસંદગી કરી શકે છે. આ પ્રોડકટસ અંગે વિગતવાર આપણે પછીના પ્રકરણોમાં જોઈશું.

છ૩: જીવન વીમો કઈ રીતે લેવાય છે

મોટાભાગની પોલીસિ **સિંગલ લાઈફ** ધોરણે ઓળખાતી પોલીસિ તરીકે લેવાય છે જેમાં એક જ વ્યક્તિનો વીમો હોય છે. સામાન્ય રીતે, પરંતુ હંમેશા નહી, જે વ્યક્તિ પોલીસિ લેતો હોય છે અને જેના જીવન માટે પોલીસિ લેવાતી હોય તે બન્ને એક જ વ્યક્તિ હોય છે. જે **સ્વ-જીવન પોલીસિ** તરીકે ઓળખાય છે. બે વ્યક્તિ સંયુકત રીતે પણ પોલીસિ લઈ શકે છે. ઉદાહરણ તરીકે પતિ અને પત્ની બંન્ને એક જ પોલીસિ લઈને બન્નેના વીમા ઊતારી શકે છે. આવી પોલીસિ **જોઈન્ટ લાઈફ (સંયુકત જીવન વીમા) પોલીસિ** તરીકે ઓળખાય છે.

છ૪: દરખાસ્ત પત્ર

વિજ્ઞાપનો અને પ્રોસ્પેકટસ એવા માધ્યમો છે જેના દ્વારા વીમા કંપનીઓ દરખાસ્ત પત્ર મંગાવે છે. વીમા કઢાવવા ઈચ્છતી વ્યક્તિને **પ્રસ્તાવક** કહેવાય છે. તેઓ તેમના પોતાના માટે જીવન (અથવા અન્ય કોઈપણ પ્રકારના) વીમાનો પ્રસ્તાવ રજૂ કરે છે. પ્રસ્તાવકે દરખાસ્ત પત્ર ભરીને વીમા કંપનીને સુપરત કરવાનું રહે છે. પ્રસ્તાવ ફોર્મમાં અપાયેલી માહિતીનું અન્ડરરાઈટર્સ મૂલ્યાંકન કરે છે અને પ્રસ્તાવ સ્વીકારવો કે નકારવો અને સ્વીકારવો તો કોઈ શરતમાં સુધારો કરીને સ્વીકારવો કે કેમ તેનો તે નિર્ણય કરે છે. પ્રસ્તાવ ફોર્મ કેવું હોય છે અને તેની મહત્વતા શું છે તે આપણે વિભાગ **ત૧**માં જોઈશું.

છ -૫: કિંમત

કિંમત એટલે એક પોલીસિની કિંમત શું રહેશે તે અને કઈ શરતે. સામાન્ય રીતે તે નક્કી કરાયેલા સમયગાળા સુધી ખૂલ્લી રખાય છે, જે દરમ્યાન પ્રસ્તાવક પોલીસિ લેવાનું પસંદ કરી શકે છે અથવા તે તેની માટે નથી એવો નિર્ણય લઈ શકે છે. પ્રસ્તાવક કિંમત સ્વીકારે તો વીમા કંપનીએ તેમાં પૂરી પડાયેલી શરતો અને કિંમત સાથે બંધાવું પડે છે, જો કે કિંમતના સમયગાળા દરમિયાન પ્રસ્તાવકની મૂળ હકીકતમાં કોઈ બદલાવ આવે તો વીમા કંપની માટે બંધાવાનું ફરજિયાત નથી.

છ-૬: વીમા કરાર

વીમા કરાર ત્યારે શરૂ થાય છે જે તારીખે વીમા કંપની પ્રથમ પ્રીમિયમની રસીદ (જુઓ વિભાગ **ત૩એ**) જારી કરે છે. પોલીસિ દસ્તાવેજ બાદમાં પણ મોકલી શકાય છે (જુઓ **વિભાગ ત૪**), પોલીસિ દસ્તાવેજ જારી કરાય તે પહેલાં અને પ્રથમ પ્રીમિયમ રસીદ જારી કરાયા બાદ કોઈ વ્યક્તિનું મૃત્યુ થાય તો વીમા કંપની મૃત્યુનો દાવો ચૂકવવા બંધાયેલ છે.

છ૭: રિન્યુઅલ્સ

જીવન વીમા પોલીસિઓ લાંબા ગાળાની પોલીસિઓ હોય છે અને તે નક્કી થયેલા અનેક વર્ષોના સમયગાળા સુધી ચાલે છે. જ્યારે નોન-લાઈફ કંપનીઓ દ્વારા જારી કરાતી આરોગ્ય વીમા પોલીસિઓ ટૂંકા ગાળાની એટલે કે એક વર્ષ માટેની હોય છે. એક વર્ષ સમાપ્ત થવા સાથે, પોલીસિધારકને રિન્યુ કરવા સલાહ આપવામાં આવે છે જેથી આ વીમા હેઠળ મળતાં રક્ષણના લાભો

તેઓ ગુમાવે નહી અને સાથોસાથ બીજું કારણ એ પણ છે કે સંબંધિત વીમા કંપની તેનો ગ્રાહક ગુમાવવા માંગતી નથી હોતી. માટે વીમા કંપની તેના ગ્રાહકને તેમની પોલીસિ **રિન્યુ** કરવા આમંત્રણ આપે છે. રિન્યુઅલ બાબત વિગતે આપણે આ પ્રકરણમાં પછીથી જોઈશું.

છ૮: સંક્ષિપ્ત સાર

વીમો કેવી રીતે ખરીદાય છે તે ચિત્ર સંપૂર્ણરીતે આપણી સમક્ષ છે ત્યારે વીમામાં આવશ્યક હોય છે તે દસ્તાવેજો અને તેમાં થતાં કેટલાક તકનિકી શબ્દપ્રયોગો પર નજર નાંખીને આપણે વીમો ખરીદવા અંગેના આપણા જ્ઞાનમાં વધારો કરી શકીએ છીએ. આ દરેકને વ્યવહારિક ધોરણમાં મૂકવા આપણે નીતિશ શર્મા અને તેના જીવન વીમા એજન્ટ શ્રી. કુમારનું ઉદાહરણ જોઈશું.

ઉદાહરણ

નીતિશ શર્માની હાલમાં જ એક ડિગ્રી કોલેજમાં લેકચરર તરીકે નિમણૂંક થઈ છે. તે ૨૮ વર્ષનો છે અને તે સુમેધાને પરણ્યો છે જે ગૃહિણી છે. એક દિવસ એક વીમા એજન્ટ શ્રી. કુમારે તેનો સંપર્ક સાધ્યો. તેમની વચ્ચેના વાર્તાલાપ દરમિયાન, શ્રી. કુમારે નીતિશને તેની જીવન વીમા માટેની જરૂરિયાતો જણાવી. એક જીવન વીમા કંપની દ્વારા જારી કરાયેલું પ્રોસ્પેકટસ તાજેતરમાં જ પોતે જોયું હતું અને માટે આ બાબતે વિચારી જ રહ્યો છે એમ નીતિશે જણાવ્યું અને તે વીમા યોજના ખરીદવા સહમત થયો.

ત: મહત્વના દસ્તાવેજો

એવા અનેક મહત્વના દસ્તાવેજો છે જે વીમા સાથે સંકળાયેલા છે - આમાંના કેટલાક તો અમે અગાઉના પ્રકરણમાં જણાવી ગયા છીએ. આ દસ્તાવેજો વીમાધારકો અને વીમા પર માહિતી પૂરી પાડે છે અને વીમો હયાત છે અને જ્યારે દાવો કરવાનો આવે છે ત્યારે નુકસાન થયું છે એવા કયારેક પુરાવા પણ પૂરા પાડે છે. આ દસ્તાવેજો કયા કયા છે તે આપણે આ વિભાગમાં જોઈશું.

ત૧: દરખાસ્ત પત્ર

જીવન વીમો લેવાના લાભો શું છે તે નીતિશ સમજી ગયો છે એવું કુમારે જોઈ લેતાં તે નીતિશને સૌપ્રથમ **દરખાસ્ત પત્ર** ભરવા માટે આપશે.

ઉદાહરણ

નીતિશ જ્યારે દરખાસ્ત પત્ર નિહાળશે ત્યારે સૌ પહેલાં તો તેમાં મંગાયેલી ઘણીબધી માહિતીની કલમો જોઈને જ ગુંચવાઈ જશે. તેને લાગશે કે જ્યારે તે વીમા યોજના ખરીદવા માટેની કિંમત ચૂકવવા તૈયાર છે તો તેણે શા માટે આ દરખાસ્ત ફોર્મ ભરવું જોઈએ. કદાચ તે એવી ટિપ્પણી પણ કરશે કે પોતે ભણેલો છે એટલે તેની માટે આ ફોર્મ ઠીક છે પરંતુ જે લોકો ભણ્યા નથી તેમનું શું ? - પોતે વીમા યોજના ખરીદવી જોઈએ ખરી ?

નીતિશના આ પ્રશ્નોનો કુમાર કઈ રીતે ઉત્તર આપશે તે આપણે જોઈએ.

પ્રસ્તાવ ફોર્મ અથવા અરજી પત્ર એ પ્રથમ દસ્તાવેજ છે જે પ્રસ્તાવકે ભરીને વીમા કંપનીને સુપરત કરવાનો રહે છે. આ ઉદાહરણમાં નીતિશ પ્રસ્તાવક છે. પ્રસ્તાવકે તેના પોતાના લખાણમાં પ્રસ્તાવ ફોર્મ ભરવાનું રહે છે. આમછતાં કેટલાક કિસ્સામાં આમાં અપવાદ છે. દા.ત. જ્યાં પ્રસ્તાવક નિરક્ષર હોય અથવા ફોર્મની ભાષા સમજી શકતો ન હોય. માટે પ્રસ્તાવક તે જે વીમા પ્લાન ખરીદી રહ્યો છે તેનાથી તે સંપૂર્ણ રીતે વાકેફ છે અને તે સાથે તે સહમત છે તેની ખાતરી રાખવી જરૂરી છે.

પુલમાં પ્રસ્તાવકનું જોખમ કેટલું છે તેની આકારણી કરવા અન્ડરરાઈટર માટે પ્રસ્તાવ ફોર્મ માહિતીનું મુખ્ય સ્રોત છે. માટે પ્રસ્તાવક જે માહિતી આપે છે તે સાચી છે કે કેમ તે તમારે જોવાનું રહે છે. પ્રકરણઃ ૩ના પ્રથમ ભાગમાં આપણે શ્રેષ્ઠ શ્રદ્ધા ભાવની મહત્વતા અને મૂળ હકીકતોની સુસંગતતા જોઈ ગયા.

વીમા કંપની દરખાસ્ત-પત્ર સાથે નીચેની માહિતી મેળવે છેઃ

- **<u>વીમાધારકની માહિતી</u>:** તેમના નામ, વય, સરનામા, વિવાહીત સ્થિતિ, વજન, ઊંચાઈ, તબીબી ઈતિહાસ વગેરેની માહિતી;
- **<u>પ્રસ્તાવકની માહિતી</u>:** જો પ્રસ્તાવક અને વીમો ઊતરાવનાર અલગઅલગ વ્યક્તિ હોય તો પ્રસ્તાવકના નામ, વય, વ્યવસાય અને વીમો ઊતરાવનાર સાથે તેના સંબંધ (એટલે કે વીમો ઊતરાવનારના જીવન પર તે શા માટે પોલીસિ લેવા માંગે છે તેનું કારણ) વગેરે માહિતી ફોર્મમાં આપવાની રહે છે;
- વિનંતી કરાયેલી વીમા યોજનાના પ્રકારની વિગતો;
- નોમીનેશનની વિગતો (જુઓ કલમ **થ૪એ**) ;
- વિનંતી કરાયેલી કલમ (જો કંઈ હોય તો)ની વિગતો (કલમો એટલે શું તે આપણે બજારમાં ઉપલબ્ધ વ્યક્તિગત પ્રોડકટસ વિષય પર આવશું ત્યારે જોઈશું) ; અને
- પ્રસ્તાવકે અગાઉ લીધી હોય તેવી વીમા યોજનાની વિગતો.

<u>ત૧એઃ પ્રસ્તાવ ફોર્મમાં જાહેરનામું</u>

પ્રસ્તાવ ફોર્મના અંતે એક જાહેરનામું હોય છે જે પ્રસ્તાવકે સહી કરવાનું રહે છે. આ જાહેરનામું સહી કરીને પ્રસ્તાવક અપાયેલી માહિતી સાચી હોવાની અને ઉત્તર આપતાં પહેલાં પ્રશ્નોને તેઓ સારી રીતે સમજયા છે એવી કબૂલાત કરે છે.

આ જાહેરનામું સહી કરવાનું મહત્વનું છે. આ જાહેરનામા સાથે સહમત થઈને પ્રસ્તાવક એવી માન્યતા આપે છે કેઃ

- પૂરી પડાયેલી કોઈપણ માહિતી ખરી નહીં હોવાનું વીમા કંપનીના જાણમાં આવે તો તે પ્રીમિયમ જપ્ત કરી શકે છે અને વીમા કરાર રદ કરી શકે છે ; અને

● પ્રશ્નોને તેઓ સારી રીતે સમજયા છે એમ જણાવીને તેઓ ભવિષ્યમાં જો કોઈ વિવાદ ઊભો થાય તો એવો દાવો કરી શકે નહી કે તેમને ખોટી માહિતી અપાઈ હતી અથવા કોઈપણ રીતે ગેરમાર્ગે દોરાયા હતા.

પ્રસ્તાવક નિરક્ષર હોય તો શું એવા નીતિશના પ્રશ્નનું શું - તેઓ કઈ રીતે પ્રસ્તાવ ફોર્મ ભરી શકે અને જાહેરનામા પર સહી કરી શકે ? જો પ્રસ્તાવક નિરક્ષર હોય તો ડાબા હાથના અંગુઠાની છાપ લેવામાં આવે છે અને ત્રીજી વ્યક્તિએ અંગુઠાની આ છાપને માન્યતા આપવાની રહે છે. છાપને માન્યતા આપનાર વ્યક્તિએ પોતે પ્રસ્તાવકને પ્રશ્નો તેમની ભાષામાં સમજાવ્યા છે અને પ્રસ્તાવક સાથે ચર્ચા કરીને સાચા જવાબ ભર્યા છે એવી કબૂલાત આપવાની રહે છે. આવા કિસ્સામાં કબૂલાત કરનાર વ્યક્તિનું સરનામું પણ કદાચ લેવાય છે.

કયારેક પ્રસ્તાવકની ભાષા પ્રસ્તાવ ફોર્મથી અલગ હોઈ શકે છે. આવા કિસ્સામાં જ્યાં પ્રસ્તાવક પ્રસ્તાવ ફોર્મ સંપૂર્ણ ભરે છે અને તેની ભાષામાં જાહેરનામા પર સહી કરે છે ત્યારે પ્રસ્તાવકે તેના પોતાના હસ્તાક્ષરની ઉપર તેના જ લખાણમાં જાહેર કરવાનું રહે છે કે દરેક સવાલો તેને સમજાવાયા છે અને તેણે તે સંપૂર્ણ રીતે સમજી લીધા બાદ તેના જવાબ આપ્યા છે.

આ દરખાસ્ત પત્ર અને જાહેરનામા પર પ્રસ્તાવકની સહી, વીમા કરારના આધાર બને છે માટે તે કાનૂની રીતે અતિ મહત્વના દસ્તાવેજ છે. આ માટે જ પ્રસ્તાવક પ્રશ્નો સમજે અને તેના ખરા જવાબ આપે તે મહત્વનું છે.

ઉદાહરણ

રાકેશ ચાવલા નિરક્ષર વ્યક્તિ છે. તે ૪૮ વર્ષનો છે અને તે માત્ર હિન્દી જ બોલી અને વાંચી શકે છે. તેણે જીવન વીમા પોલીસિ ખરીદવાનો નિર્ણય કર્યો જે માટે તેણે વીમા એજન્ટનો સંપર્ક સાધ્યો. એજન્ટે રાકેશ ચાવલાને ફોર્મ પૂરું પાડયું જે તેણે ભરવું જરૂરી હતું. આ ફોર્મ અંગ્રેજીમાં છે જે રાકેશ જાણતો નથી. માટે વીમા એજન્ટે તેને સલાહ આપી કે તે તેના મિત્ર નિલેશ ટન્ડનને જે શાળામાં શિક્ષક છે અને હિન્દી તથા અંગ્રેજી ભાષા જાણે છે તેને પોતાને ફોર્મ ભરવામાં મદદ કરવા જણાવે.

નિલેશ ટન્ડન, રાકેશ વતિ ફોર્મ ભરવા સહમત થયો. તેણે રાકેશને દરેક પ્રશ્ન વારાફરતી હિન્દીમાં સમજાવ્યા અને રાકેશે તેના આધારે આપેલા જવાબ નિલેશે ફોર્મની અંદર નોંધ્યા.

એક વખત આ ફોર્મ ભરાઈ ગયા બાદ, રાકેશ ચાવલાએ તેના પર અંગુઠાની છાપ મૂકવાની રહે છે અને પોતે દરેક પ્રશ્નો સમજ્યો છે અને તે પ્રમાણે જવાબ આપ્યા છે તે જાહેર કરવાનું રહે છે.

પ્રસ્તાવ ફોર્મમાં અપાયેલા પ્રશ્નો પ્રસ્તાવકને તે જે ભાષા સંપૂર્ણ રીતે સમજતો હતો તે ભાષામાં સમજાવાયા હતા અને તે પ્રમાણે જવાબો નોંધાયા છે એવી નિલેશ ટન્ડન પણ ફોર્મમા અપાયેલા જાહેરનામા પર સહી કરે છે.

ત-૨: ઉંમરનો પુરાવો

ઉદાહરણ

નિલેશ શર્મા પ્રસ્તાવ ફોર્મ પૂરું ભરી નાંખે છે અને તે શ્રી. કુમારને સુપરત કરે છે જે નિલેશ પાસે તેની ઉમરના પુરાવા તરીકે હાઈસ્કૂલની માર્કશીટ માંગે છે. નિલેશ કહે છે કે તે તેણે શોધવી પડશે- ઉમરના પુરાવા તરીકે આપી શકાય એવા અન્ય કોઈ દસ્તાવેજ છે ખરા - અને તે વયનો પુરાવો શા માટે માંગે છે ?

પ્રસ્તાવકના જોખમ ધોરણ નક્કી કરવા માટે વય એક પરિબળ છે જેને વીમા કંપનીઓ ધ્યાનમાં લે છે અને તે પ્રમાણે પ્રીમિયમ વસૂલવામાં આવે છે. આ માટે જ પ્રસ્તાવકની ખરી વય ચકાસવાનું વીમા કંપની માટે મહત્વનું છે.

ખરી વયના પુરાવા માટેના દસ્તાવેજને બે પ્રકારમાં વર્ગીકૃત કરી શકાય છે. **'વયના પુરાવાના ધોરણસરના દસ્તાવેજ (સ્ટાન્ડર્ડ એજ પ્રુફ)'** અને **'વયના પુરાવાના બિન-ધોરણસરના દસ્તાવેજ (નોન-સ્ટાન્ડર્ડ એજ પ્રુફ)'**. વયના ધોરણસરના પુરાવા તરીકે લઈ શકાય એવા કેટલાક દસ્તાવેજ નીચે પ્રમાણે છેઃ

- શાળા અથવા કોલેજમાંથી રેકોર્ડસનું પ્રમાણપત્ર;
- જન્મ અથવા મૃત્યુ નોંધણી કચેરી ખાતેના પ્રમાણિત ઊતારા અથવા જન્મ વખતે સુધરાઈમાં કરાયેલી નોંધના ઊતારા;
- પાસપોર્ટ;
- પરમેનન્ટ એકાઉન્ટ નંબર (પાન) કાર્ડ;
- માલિકના સર્વિસ રજિસ્ટર;
- બાપ્ટિઝમનું સર્ટિફિકેટ;
- કુટુંબના બાઈબલમાંથી પ્રમાણિત ઊતારા, જો તેમાં જન્મતારીખ હોય તો;
- સંરક્ષણ કર્મચારીને સુરક્ષા વિભાગ દ્વારા જારી કરાયેલું ઓળખપત્ર;
- રોમન કેથલિક ચર્ચ દ્વારા જારી કરાયેલ લગ્નનું પ્રમાણપત્ર.

વયના બિન-ધોરણસરના પુરાવા તરીકે લઈ શકાય એવા કેટલાક દસ્તાવેજ નીચે પ્રમાણે છેઃ

- જન્મ સમયે તૈયાર કરાયેલી કુંડળી;
- રેશન કાર્ડ;
- સ્વ-જાહેરનામું (જાતે કરેલ સોગંદનામું), ઘરના વૃદ્ધો દ્વારા કરાયેલ જાહેરનામું કે એફિડેવિટ; અને
- ગ્રામ પંચાયતનું પ્રમાણપત્ર.

જન્મ તારીખના પુરાવા સાથે વ્યક્તિએ તેમના સરનામાના પુરાવા, ફોટો અને પ્રીમિયમ પેટેની ડિપોઝિટ પણ આપવાની રહે છે. વીમા કંપની વ્યક્તિ પાસેથી છ માસથી એક વર્ષનું બેન્ક સ્ટેટમેન્ટ પણ માંગી શકે છે. રોકડ અથવા ચેક ઉપરાંત પ્રીમિયમ ડિપોઝિટ ક્રેડિટ કાર્ડ, પ્રસ્તાવકના બેન્ક ખાતામાંથી સીધી ડેબિટ અથવા ઓનલાઈન પેમેન્ટ ગેટવે, ઈલેક્ટ્રોનિક ક્લિઅરિંગ સિસ્ટમ (ઈસીએસ) વગેરે મારફત પણ ચૂકવી શકાય છે.

વીમા ક્ષેત્રમાં મની લોન્ડરિંગ પર કાપ મૂકવા ઈરડાએ તાજેતરના વર્ષોમાં વીમા કંપનીઓ માટે એન્ટી મની લોન્ડરિંગ (એએમએલ)/કોમ્બેટિંગ ફાઈનાન્સિંગ ઓફ ટેરરિઝમ (સીએફટી) માર્ગદર્શિકા જારી કરી છે જેથી નો યોર કલાયન્ટ (કેવાયસી - તમારા ગ્રાહકને ઓળખો) પ્રક્રિયા વખતે ખાસ સંભાળ લઈ શકાય. કેવાયસી પ્રક્રિયા સાથે સુસંગત પોતાની ઓળખને પૂરવાર કરવા ગ્રાહકે નીચેના પુરાવા આપવાના રહે છે.

- વયના પુરાવા;
- ઓળખના પુરાવા;
- સરનામાના પુરાવા ; અને
- આવકના પુરાવાના દસ્તાવેજ (સૂચવાયેલી વીમાની રકમ પર આધારિત વીમા કંપની દ્વારા માંગવામાં આવે તો)

ગ્રાહકની સ્પષ્ટ રીતે ઓળખ કરવા માટે તથા પ્રીમિયમની ચૂકવણી માટેના તેમના આવક સ્રોતો જાણવા ઉપરના દસ્તાવેજો મેળવવામાં આવે છે. મની લોન્ડરિંગ પર વધુ વિગતો પ્રકરણ **૧૨**માં ચર્ચાશે.

તર: પ્રીમિયમની રસીદ

ઉદાહરણ

નીતિશ શર્માએ તેના વય, સરનામાના માન્ય પુરાવા અને ફોટો શ્રી. કુમારને સુપરત કર્યા. પ્રીમિયમ માટે તેણે વીમા કંપનીની તરફેણમાં ચેક પણ આપ્યો. તેણે કુમારને્ પૂછયું કે તેનો પ્રસ્તાવ સ્વીકારાયો છે કે નહીં તેની તેને કયારે અને કઈ રીતે જાણ થશે.

ઈરડાના નિયમો એમ કહે છે કે વીમા કંપનીએ તેનો નિર્ણય ૧૫ દિવસની અંદર જણાવવાનો રહે છે એમ કુમારે નીતિશને જણાવ્યું. વીમા કંપની પ્રથમ પ્રીમિયમ રસીદ અને તેની સાથોસાથ અથવા પછીથી પોલીસિ દસ્તાવેજ જારી કરીને પ્રસ્તાવનો સ્વીકાર કરવાનું જણાવશે એમ પણ કુમારે નીતિશને જણાવ્યું હતું.

આ વિભાગમાં આપણે બે પ્રીમિયમ રસીદ - **"પ્રથમ પ્રીમિયમ રસીદ"** અને **"રિન્યુઅલ પ્રીમિયમ રસીદ"** પર ચર્ચા કરશું. હવે પછીના વિભાગ ત૪માં આપણે પોલીસિ દસ્તાવેજ પર ચર્ચા કરશું.

તરએ: પ્રથમ પ્રીમિયમ રસીદ (એફપીઆર)

નીતિશને શ્રી. કુમારે આપેલા પ્રતિસાદમાં આપણે હમણાં જ જોયું કે, વીમા કંપની પ્રસ્તાવકને તેનો પ્રસ્તાવ સ્વીકારાયા અંગેની જાણ કરે છે અને **પ્રથમ પ્રીમિયમ રસીદ (એફપીઆર)** જારી કરીને તેને પ્રીમિયમ મળ્યું હોવાનું સ્વીકારશે. એફપીઆર મહત્વની છે કારણ કે વીમા કરાર શરૂ થયાનો તે પુરાવો છે. પોલીસિ દસ્તાવેજ, જે કરારનો પુરાવો છે તે પછીથી ગમે ત્યારે જારી કરવામાં આવે છે.

પ્રથમ પ્રીમિયમ રસીદ નીચેની વિગતો આવરી લે છેઃ

- વીમાધારકનું નામ અને સરનામું;
- પોલીસિ ક્રમાંક;
- ચૂકવાયેલી પ્રીમિયમની રકમ;
- પ્રીમિયમ ચૂકવણીની પદ્ધતિ અને મુદત;
- હવે પછીનું પ્રીમિયમ ચૂકવવાની તારીખ;
- જોખમ શરૂ થયાની તારીખ (એટલે કે આવરણ કયારથી શરૂ થયું) ;
- પોલીસિની પાકવાની તારીખ;
- છેલ્લું પ્રીમિયમ કયારે ચૂકવવાનું રહેશે તેની તારીખ; અને
- ઊતારાયેલા વીમાની રકમ.

તઉબીઃ રિન્યુઅલ પ્રીમિયમ રસીદ (આરપીઆર)

પ્રથમ પ્રીમિયમ રસીદ(એફપીઆર) જારી કર્યા બાદ વીમા કંપનીને પ્રસ્તાવક પાસેથી જેમ જેમ વધુ પ્રીમિયમ મળતાં રહેશે તેમ તેમ તે પ્રીમિયમની રસીદ જારી કરતી રહેશે. આ રસીદ **રિન્યુઅલ પ્રીમિયમ રસીદ (આરપીઆર)** તરીકે ઓળખાય છે. પ્રીમિયમની ચૂકવણીના મુદ્દે કોઈ વિવાદ ઊભો થાય તો તેવા કિસ્સામાં આરપીઆર ચૂકવણીના પુરાવા તરીકે કામ કરે છે, અને માટે તે મહત્વની છે. આરપીઆરને એફપીઆર તથા પોલીસિ દસ્તાવેજ સાથે સલમાત સ્થળે રાખવી જોઈએ જેથી જ્યારે જરૂર પડે ત્યારે તેને આસાનીથી રજૂ કરી શકાય.

ધ્યાન રાખો

પ્રસ્તાવ સ્વીકારવો કે નકારવો તેનો નિર્ણય અન્ડરરાઈટર લે છે. જો અન્ડરરાઈટર પ્રસ્તાવ સુધારેલી મુદતો અને શરતો સાથે સ્વીકારે તો પ્રસ્તાવક આ સુધારેલી મુદતો અને શરતો સાથે સહમત થાય અને વધારાના પ્રીમિયમની (જો કંઈ હોય તો) ચૂકવણી કરે ત્યાર બાદ જ એફપીઆર જારી કરવામાં આવે છે. ઈરડાના નિયમ પ્રમાણે પ્રસ્તાવ પરનો નિર્ણય પ્રસ્તાવકને ૧૫ દિવસની અંદર જણાવવાનો રહે છે. અન્ડરરાઈટરની ભૂમિકા અંગે હવે પછીના પ્રકરણમાં આપણે વિગતે જોઈશું.

પ્રશ્ન ૩.૩

વયના માન્ય પુરાવા તરીકે કયા દસ્તાવેજો સ્વીકારવામાં આવે છે ?

તઉસી : 'ફ્રી લુક -ઈન પીરિયડ' અથવા 'કુલીંગ -ઓફ્ફ પીરિયડ' એટલે શું ?

ઉદાહરણ

નીતિશ શર્માનો પ્રસ્તાવ, પ્રીમિયમ અને પુરાવા શ્રી. કુમાર વીમા કંપનીને મોકલે તે પહેલા નીતિશ શર્માના મનમાં એક છેલ્લો પ્રશ્ન ઊભો થાય છે કેઃ 'વીમા પોલીસિ લીધા બાદ મારું મન બદલાઈ જાય તો શું થઈ શકે ?'

એફપીઆર જારી કરવાનો અર્થ કરાર પૂર્ણ થયો છે અને તે બંને પક્ષોને બંધનકર્તા રહે છે. આમછતાં, ઈરડાના નિયમો પ્રસ્તાવકને જો તે પોલીસિની મુદતો અને શરતો સાથે સહમત ન થાય તો પોલીસિ દસ્તાવેજ પ્રાપ્ત થવાની તારીખથી ૧૫ દિવસની અંદર કરારમાંથી હટી જવાનો વિકલ્પ આપે છે. આ સમયગાળો **'ફ્રી લુક -ઈન પીરિયડ'** અથવા **'કુલીંગ -ઓફ્ફ પીરિયડ'** તરીકે ઓળખાય છે. જો પ્રસ્તાવક કરારમાંથી હટી જાય તો વીમા કંપનીએ કેટલાક ખર્ચ જેમ કે ટૂંકા ગાળા માટે પૂરા પડાયેલ જોખમને આવરી લેવા માટેનો ખર્ચ, તબીબી ચકાસણી અને સ્ટેમ્પ ડ્યૂટી પેટે કરેલા ખર્ચને બાદ કરીને બાકીની રકમ પાછી આપવાની રહે છે.

પ્રીમિયમની ચૂકવણી અને માન્ય આવરણની સુસંગતતા પર આ પ્રકરણના અંતે વિભાગ ૨-માં આપણે જોઈશું.

<u>પ્રશ્ન ૩.૪</u>

પ્રથમ પ્રીમિયમ રસીદ (એફપીઆર)માં કેવી માહિતી પૂરી પાડવામાં આવે છે ?

<u>ત૪: પોલીસિ દસ્તાવેજ</u>

પ્રથમ પ્રીમિયમની રસીદ મળવાના ટૂંક સમયમાં જ નીતિશ શર્માને પોલીસિ દસ્તાવેજ મળશે. આ દસ્તાવેજમાંથી નીતિશ શું અપેક્ષા રાખી શકે ? તે કેવી દેખાતી હોય છે ?

પોલીસિ દસ્તાવેજ વીમા સાથે સંકળાયેલ સૌથી મહત્વનો દસ્તાવેજ છે. વીમાધારક અને વીમા કંપની વચ્ચેના કરારનો તે **પુરાવો** છે. તે કરાર નથીઃ જો પોલીસિ દસ્તાવેજ પોલીસિધારક દ્વારા ખોવાઈ જાય તો તેનાથી વીમા કરારને અસર થતી નથી. વીમા કંપની કરારમાં કોઈપણ ફેરફાર કર્યા વગર સરળ રીતે ડૂપ્લીકેટ પોલીસિ જારી કરશે. આ પોલીસિ દસ્તાવેજ સક્ષમ સત્તાવાળા દ્વારા સહી થયો હોવો જોઈએ અને **ભારતીય સ્ટેમ્પ ધારા** પ્રમાણે સ્ટેમ્પ થયો હોવો જરૂરી છે.

ધોરણસરની પોલીસિને નીચે પ્રમાણેના વિભાગો હોય છેઃ

મથાળું	પ્રસ્તાવના
મુખ્ય કલમ	જોગવાઈ
પરિશિષ્ઠ	એટેસ્ટેશન
મુદતો અને શરતો/અધિકાર અને શરતો	એન્ડોર્સમેન્ટ (શેરા)

પોલીસિ દસ્તાવેજના **મથાળા**માં કંપનીનું નામ અને સરનામું તથા તેની મુદ્રા (લોગો) હોય છે.

પ્રસ્તાવનામાં પોલીસિ જણાવે છે કે પ્રસ્તાવક દ્વારા સહી કરાયેલ પ્રસ્તાવ અને જાહેરાતનામું કરારનો આધાર બને છે.

મુખ્ય કલમમાં પક્ષો વચ્ચે નીચેની બાબતોમાં થયેલી આપસી સમજૂતીનો સમાવેશ થાય છેઃ

- વીમાધારક દ્વારા પ્રીમિયમની ચૂકવણી; અને
- વીમા હેઠળની ઘટના બનવા પર દાવેદાર દ્વારા ટાઈટલ અને વયના પુરાવાની રજૂઆતને આધીન વીમા કંપની દ્વારા ચૂકવવાની થતી રકમ.

પોલીસિની જોગવાઈ પોલીસિની ખાતરીલાયક સરન્ડર વેલ્યુ (શરણ મૂલ્ય), નોમીનેશન, એસાઈનમેન્ટ અને પોલીસિ સામે લોન્સ વગેરે જેવી સામાન્ય જોગવાઈઓ ધરાવે છે.

પરિશિષ્ઠમાં પોલીસિની આવશ્યક વિગતો આપવામાં આવે છે, જેમ કેઃ

- પોલીસિ શરૂ થવાની તારીખ;
- પોલીસિ પાકવાની તારીખ;
- વીમાની રકમ (પોલીસિ કયારે અને કેટલી રકમ આપશે) ;
- ચૂકવવાનું થતું પ્રીમિયમ અને તેની તારીખ;
- નોમીનિ (દરખાસ્ત ફોર્મમાં જણાવાયા હોય તો) ;
- કોઈ ખાસ કલમ (સ્પેશ્યલ કલોઝ);
- કલમોની વિગતો(રાઈડર્સ);
- બાકાત રખાયેલી બાબતો ; અને
- લીઅન્સ (હક).

પોલીસિધારક દ્વારા ભરાયેલ પ્રસ્તાવ ફોર્મમાં કોઈપણ અસ્પષ્ટતા હોય તો તે દૂર કરવા તેની પ્રત પોલીસિ દસ્તાવેજ સાથે જોડવામાં આવે છે.

એટેસ્ટેશન વીમા કંપનીએ સહી દ્વારા પોલીસિ દસ્તાવેજને સત્તાવાર બનાવી છે એનું સમર્થન આપે છે. આ એટેસ્ટેશન વીમા કંપનીના સત્તાવાર અધિકારી દ્વારા થઈ શકે છે.

મુદતો અને શરતોમાં નીચેની બાબતોનો ઉલ્લેખ થાય છેઃ

- પ્રીમિયમની ચૂકવણી માટે વધારાના દિવસો (ગ્રેસ પીરિયડ);
- પ્રીમિયમની ચૂકવણીમાં નિષ્ફળ જવાના શું પરિણામો આવી શકે; અને
- લોન્સની ઉપલબ્ધતા.

પોલીસિ કઈ રીતે સોંપવી, તેને કઈ રીતે સરન્ડર અથવા પેઈડ અપ કરવી (આનો અર્થ શું તે આપણે વિભાગ થમાં જોઈશું) અને કેવી રીતે દાવો કરવો તેની પણ આ વિભાગમાં માહિતી આપવામાં આવે છે. પોલીસિ હેઠળ બાકાત રખાયેલી બાબતોનો પણ આ વિભાગમાં વિગતે સમાવેશ થાય છે.

બાકાત રખાયેલી બાબતો એટલે ચોક્કસ જોખમો જે પોલીસિ હેઠળ આવરી લેવાયા નથી તેનું નિવેદન. આવરી લેવાયા ન હોય તેવા જોખમ દ્વારા નુકસાન થાય તો વીમા કંપની દ્વારા વીમાની રકમ ચૂકવાતી નથી . દરેક જીવન વીમા પોલીસિઓને સમાન હોય તેવી પણ બાકાતી હોઈ શકે છે (અન્ય વીમા કંપની દ્વારા જારી કરાયેલી હોય તેવી પણ). ઉદાહરણ તરીકે જોઈએ તો, વીમા પોલીસિ ખરીદાયાના એક વર્ષની અંદર વીમાધારક આપઘાત કરે તો પોલીસિ હેઠળ રકમ મળતી નથી. ચોક્કસ વ્યક્તિ દ્વારા રજૂ કરાયેલ જોખમને કારણે અન્ડરરાઈટર દ્વારા પોલીસિમાં અન્ય બાકાતીનો સમાવેશ થઈ શકે છે. ઉદાહરણ તરીકે વીમાધારક દ્વારા જેને જોખમી અથવા ભયાનક ગણાવાઈ હોય તેવી સાહસિક પ્રવૃત્તિઓને કારણે મૃત્યુ થઈ શકે એમ હોય, જેમ કે ટ્રેકિંગ, વોટર રાફટિંગ અથવા પાણીની અન્ય રમતો વગેરે, તો તેને અન્ડરરાઈટર બાકાત રાખી શકે છે. સુધારેલી શરતો પર અન્ડરરાઈટર કયારેક નબળા જોખમ કઈ રીતે સ્વીકારે છે તે આપણે જોઈશું ત્યારે પ્રકરણ ૪માં અન્ડરરાઈટર આવું શા માટે કરે છે તે જોઈશું.
મૂળ જીવન વીમા પોલીસિની મુદતો અને શરતોમાં ચોક્કસ ફેરફાર કરવા માટે કોરા કાગળ પર શેરો મારીને મંજૂરી આપી શકાય છે અને તેને મૂળ પોલીસિ દસ્તાવેજ સાથે જોડી દેવામાં આવે છે. શેરાના નિયમનો ઉપયોગ કરીને જીવન વીમા પોલીસિ આસાનીથી સુધારી શકાય છે. આ શેરો પોલીસિનો ભાગ છે.

પોલીસિની માહિતીનું નિવેદન

દરેક પોલીસિ સાથે પોલીસિની માહિતીનું નિવેદન જારી કરાવું જોઈએ એવી ઈરડાની સૂચના છે. પોલીસિની માહિતીના નિવેદનમાં નીચેની વિગતો આવરી લેવાયેલી હોવી જોઈએઃ

- પ્રીમિયમની ચૂકવણીની પદ્ધતિ અને સમયગાળા માટે ઉપલબ્ધ સવલત;
- પોલીસિ સંબંધિત કોઈપણ પૂછપરછ અથવા સેવા માટે જેનો સંપર્ક સાધી શકાય તે વ્યક્તિ અથવા કચેરી;
- પોલીસિધારકના સરનામા અને નોમીનિમાં કંઈપણ ફેરબદલની વીમા કંપનીને જાણ કરવાની મહત્વતા;
- ફરિયાદ અથવા તકરારના કિસ્સામાં શું કરી શકાય; અને
- ઈન્સ્યોરન્સ ઓમ્બ્યુડસમેનના સંપર્કસ્થળની માહિતી.

વીમા કંપની દ્વારા એક વખત પ્રસ્તાવ સ્વીકારી લેવાયા બાદ અને પ્રસ્તાવકને પ્રીમિયમની પ્રથમ રસીદ તથા પોલીસિ જારી કરી લેવાયા બાદ પ્રસ્તાવક વીમા આવરણ હેઠળ આવી જાય છે. આ સ્તરેથી આપણે તેનો પ્રસ્તાવક તરીકે ઉલ્લેખ કરવાનું બંધ કરીએ છીએ અને તે હવે **પોલીસિધારક** બની જાય છે - એટલે કે એવી વ્યક્તિ જે વીમા પોલીસિ ધરાવે છે.

ત-૫ઃ શેરો, નોટિસ અને પ્રોસ્પેકટસ

ઉદાહરણ

શ્રી. કુમાર સાથે પોતાની ચર્ચાના ભાગરૂપ નીતિશ શર્મા તેને પૂછે છે કે શું તેને કરારમાંની પ્રીમિયમની ચૂકવણી પદ્ધતિ તથા સમયગાળા વગેરેમાં ફેરફાર કરવા મળી શકે ખરો અને હા તો કઈ રીતે.

શ્રી. કુમાર નીતિશને શેરાનો નિયમ સમજાવશે. તે અન્ય દસ્તાવેજો જેમ કે નોટિસો તથા જીવન વીમા માટે નીતિશ વિચારતો હતો તે પ્રોસ્પેકટસની પણ સમજ પૂરી પાડે છે.

તપએ: શેરો (એન્ડોર્સમેન્ટ)

પોલીસિની મુદત દરમિયાન વીમા કંપની શેરો જોડીને મૂળ પોલીસિમાં સુધારો કરવા મંજૂરી આપે છે. શેરાના ઉપયોગ મારફ્ત વીમાની રકમ, પોલીસિની મુદત, પ્રીમિયમ ચૂકવણીની પદ્ધતિ તથા સમયગાળો (મુદત), નોમીનેશન અને એસાઈનમેન્ટ વગેરેમાં ફેરફાર કરી શકાય છે.

શેરો કોરા કાગળ પર લખી શકાય છે અને પોલીસિમાં સુધારો કરાયો છે તે સૂચવવા પોલીસિ દસ્તાવેજ સાથે તેને જોડી દેવામાં આવે છે.

પોલીસિધારક જ્યાં નોમીનિ બદલવા માંગતો હોય તેવા કિસ્સામાં શેરો પોલીસિની પાછલી બાજુએ થઈ શકે છે. આજ રીતે એસાઈનમેન્ટ પણ પોલીસિની પાછલી બાજુએ થઈ શકે છે. (નોમીનેશન અને એસાઈનમેન્ટ પર વધુ વિગતવાર ચર્ચા આ પ્રકરણના વિભાગ **થ૪એ** અને **થ૪બી**માં કરાશે).

તપબી: નોટિસ

પોલીસિની મુદત દરમિયાન વીમા કંપની પોલીસિધારકને નોટિસ જારી કરે છે. જે નીચે પ્રમાણે છેઃ

- પોલીસિધારકને પ્રીમિયમ ચૂકવણીની તારીખ યાદ અપાવવા માટેની નોટિસ;
- બોનસ નોટિસ;
- પ્રીમિયમની ચૂકવણીમાં નિષ્ફળતા અને પોલીસિ રદ થઈ શકવાની નોટિસ;
- પોલીસિ ફરી શરૂ કરવા નોટિસ;
- ઊભા થનારા લાભો જેમ કે - સર્વાઈવલ લાભ/પાકતી મુદતના લાભ વગેરે; અને
- યુનિટ લિન્કડ પોલીસિ સંદર્ભે વાર્ષિક નિવેદન.

એ નોંધવાનું મહત્વનું છે કે, આ નોટિસો પોલીસિધારકને પ્રીમિયમ ચૂકવવાની તારીખ, લાભની ચૂકવણી, પોલીસિનો દરજ્જો વગેરેની માહિતી તથા યાદ અપાવવા પૂરતી જ ઉપયોગમાં લેવાય છે.

તપસીઃ પ્રોસ્પેકટસ

વિભાગ **છ૧**માં આપણે જોયું કે, વીમા કંપની દ્વારા પ્રોસ્પેકટસનો ઉપયોગ તેના પ્રોડકટસ વિશે લોકોને માહિતી આપવાનો અને પ્રોડકટસ વિશે લોકોમાં રસ જગાડવા માટે થાય છે. ઈરડા (પોલીસિધારકોના હિતોના રક્ષણ) નિયમનોમાં ઓકટોબર ૨૦૦૨માં કરાયેલા સુધારા પ્રમાણે વીમા કંપની દ્વારા જારી કરાતાં પ્રોસ્પેકટસમાં દરેક વીમા યોજના અંગે નીચેની બાબતોનો ખાસ સમાવેશ થવો જોઈએ એમ સૂચિત કરાયું છેઃ

- પૂરા પડાતાં લાભોનો અવકાશ;
- શરતો;
- બાંયધરીઓ;
- મુદતો અને શરતો;
- અધિકારો;
- અપવાદો; અને
- બોનસમાં ભાગીદાર બનવાના હક.

બોનસમાં સહભાગનો હક પોલીસિ શરૂ થયા બાદ થોડાક સમય સુધી મોકૂફ રખાય તો તેની ખાસ સ્પષ્ટતા થવી જરૂરી છે. કયા લાભ ખાતરીવાળા છે અને કયા લાભ ખાતરી વગરના છે તેની પણ સ્પષ્ટતા કરવાની રહે છે. ખાતરી ન હોય તેવા લાભો ભવિષ્યમાં ભૂતકાળ જેવા ન પણ હોઈ શકે અને તે અલગઅલગ હોઈ શકે છે તે પણ પ્રોસ્પેકટસમાં સ્પષ્ટ જણાવવાનું રહે છે.

ત૬ઃ દાવો કરવા સમયે આવશ્યક રહેતાં દસ્તાવેજો

જ્યારે વીમાગત નુકસાન થાય છે અને દાવો કરવાની આવશ્યકતા ઊભી થાય છે ત્યારે વીમા કંપની દાવેદાર પાસેથી અનેક દસ્તાવેજો માંગે છે જેમ કેઃ જીવન વીમા માટે વીમા કંપની ખરેખર મૃત્યુ થયું છે તેનો પુરાવો અને તે માટે તે ડેથ સર્ટિફિકેટ જોવા માંગે છે. આપણે જ્યારે દાવા વિશે જોઈશું ત્યારે પ્રકરણઃ ૧૧માં દાવા વખતે રજૂ કરવાના રહેતાં દસ્તાવેજો પર નજર નાખીશું.

સૂચવાયેલી પ્રવૃત્તિ

કોઈપણ વીમા કંપનીનું પ્રસ્તાવ ફોર્મ મેળવો. ફોર્મનું વિશ્લેષણ કરો અને મંગાયેલી માહિતીની યાદી તૈયાર કરો.

વીમા સાથે સંકળાયેલા મહત્વના દસ્તાવેજો અનેક શબ્દપ્રયોગો ધરાવતાં હોય છે જેના વીમામાં ખાસ અર્થઘટન થતાં હોય છે. વીમા પોલીસિ કેવી રીતે કામ કરે છે તે સમજવા માટે આ શબ્દોનું અર્થઘટન સમજવું જરૂરી છે અને માટે હવે પછીના વિભાગમાં આપણે ચોક્કસ શબ્દોના અર્થ સમજશું.

થઃ વીમાના મુખ્ય શબ્દપ્રયોગો

આ પહેલાના વિભાગમાં અમે વીમા સંબંધિત કેટલાક ખાસ શબ્દોનો ઉપયોગ કરી ચૂક્યા છીએ અને આ વિભાગમાં આ તથા બીજા અન્ય શબ્દોના આપણે અર્થઘટન સમજશું. મહત્વના શબ્દોનું આપણે વર્ગીકરણ કરશું જેથી તે આસાનીથી સમજી શકાય. આ વર્ગીકરણ નીચે પ્રમાણે છેઃ

- **પોલીસિ ચાલુ છે તેનો ઉલ્લેખ કરવા માટેના શબ્દોઃ લેપ્સ (રદ થવી), પેઈડ અપ વેલ્યુ અને સરન્ડર વેલ્યુ.** આ સંદર્ભમાં આપણે **રિવાઈવલ અને રિન્યુઅલ** પર પણ નજર નાખશું;

- **પોલીસિના નાણાં કોણ સ્વીકારશે તેની સાથે સંકળાયેલા શબ્દોઃ નોમીનેશન અને એસાઈનમેન્ટ**; અને

- **પોલીસિ સામે ઋણ મેળવવા સાથે સંકળાયેલ શબ્દોઃ લોન** અને **ફોરકલોઝર**

<u>થ૧ : લેપ્સ, પેઈડ અપ વેલ્યુ અને સરન્ડર વેલ્યુ</u>

વીમાધારક પ્રીમિયમની ચૂકવણી ચાલુ રાખવામાં અસફળ રહે તો શું થઈ શકે તેનું આ ત્રણ શબ્દો વર્ણન કરે છે. કોઈ ચોક્કસ પોલીસિ માટે તેનો ઉપયોગ કઈ રીતે થાય છે તે જે તે પોલીસિની મુદતો અને શરતોમાં વર્ણવવામાં આવે છે.

<u>ઉદાહરણ</u>

નીતિશ શર્માને જ્યારે વીમા કંપની પાસેથી પ્રથમ પ્રીમિયમની રસીદ મળે છે ત્યારે તેને ખાતરી થાય છે કે તેનો પ્રસ્તાવ સ્વીકારાયો છે. ત્યારે તે તેની પત્નીને તેના રોકાણ વિશે જણાવે છે. સુમેધા નીતિશના આ નિર્ણયથી ભયભીત બને છે અને તેને પૂછે છે કે ભવિષ્યમાં તે પ્રીમિયમ નહીં ચૂકવી શકે તો શું. તેણે રોકેલા નાણાં પરત મળી શકશે ખરા ?

પત્નીના આ સવાલનો કઈ રીતે ઉત્તર આપવો તેનો નીતિશને કોઈ ખ્યાલ નહતો. તેણે ફરી એકવાર એજન્ટ શ્રી. કુમારની મુલાકાત લીધી અને તેની પત્નીએ પૂછેલો પ્રશ્ન તેની પાસે ઉપસ્થિત કર્યો. જો નીતિશ પ્રીમિયમ નહી ભરે તો તેની પોલીસિ **રદ** થઈ જશે એમ શ્રી. કુમારે તેને સમજાવ્યું. જો આમ થાય તો નીતિશ વીમા કંપનીને પોલીસિ પેઈડ -અપ કરી નાંખવા જણાવી શકે છે. પોલીસિને સરન્ડર કરીને તે સ્વૈચ્છિક રીતે તેને રદ કરાવી શકે છે એવી પણ એજન્ટે નીતિશને માહિતી આપી. આવા કિસ્સામાં વીમા કંપની ચોક્કસ મુદતો અને શરતોને આધીન **સરન્ડર વેલ્યુ** ચૂકવશે.

શ્રી. કુમાર જે શબ્દપ્રયોગ કરતો હતો (લેપ્સ, પેઈડ અપ, સરન્ડર વેલ્યુ) તે સાંભળીને નીતિશ મુંઝવણ અનુભવતો હતો માટે તેણે શ્રી. કુમારને આ શબ્દો વિગતવાર સમજાવવા વિનંતી કરી. માટે શ્રી. કુમારે નીતિશને પોલીસિ સંબંધિત શબ્દો સમજાવવાનું શરૂ કર્યું.

પ્રીમિયમની ચૂકવણી ચાલુ રાખી ન શકે તો પોલીસિધારક પાસે ત્રણ વિકલ્પ હોય છેઃ

પોલીસિધારક પ્રીમિયમની ચૂકવણી ચાલુ રાખી શકે એમ નથી.

● ચૂકવણી બંધ કરીને પોલીસિને લેપ્સ થવા દે છે ● પોલીસિને પેઈડ અપ પોલીસિ કરાવી નાંખે છે.
● પોલીસિ સરન્ડર કરી નાંખે છે.

થ૧એ: લેપ્સ (રદ થવી)

વીમા કંપની સાથે સહમત થયા પ્રમાણે પોલીસિધારકે પાકતી તારીખે પ્રીમિયમ ભરવાનું રહે છે. પાકતી તારીખ પછીના કેટલાક દિવસ સુધી વીમા કંપની પ્રીમિયમ ભરવા માટે મંજુરી આપે છે જે દરમિયાન પોલીસિધારક પ્રીમિયમ ભરી શકે છે જે સમયસર ભરાયું ગણાય છે. આ વધારાના દિવસને **ગ્રેસ પીરિયડ** કહેવાય છે. આમછતાં, જો પોલીસિધારક ગ્રેસ પીરિયડમાં પણ પ્રીમિયમ ન ભરે તો તે નિષ્ફળ ગયાનું ગણાય છે.

પ્રીમિયમની ચૂકવણીમાં નિષ્ફળતાના કિસ્સામાં વીમા કંપની કરાર અટકાવી દેવા અધિકાર ધરાવે છે. આને '**લેપ્સ**' કહેવામાં આવે છે. લેપ્સ થઈ ગયા બાદ સદર પોલીસિ પર કોઈ દાવા કરી શકાતા નથી અને ભરાયેલા પ્રીમિયમ જપ્ત થઈ જાય છે.

ધ્યાન રાખો

ગ્રેસ પીરિયડ સામાન્ય રીતે એક માસ સુધીનો હોય છે. વાર્ષિક, અર્ધવાર્ષિક, અથવા ત્રિમાસિક ગાળા માટેની પ્રીમિયમ ચૂકવણી માટે ૩૦ દિવસથી ઓછો નથી હોતો જ્યારે માસિક પ્રીમિયમ માટે ૧૫ દિવસનો ગ્રેસ પીરિયડ હોય છે. કેટલીક વીમા કંપનીઓ માસિક પ્રીમિયમમાં પણ ૩૦ દિવસ ગ્રેસ આપે છે.

વ્યવહારમાં વીમા ધારો વીમા કંપનીને પોલીસિ લેપ્સ થઈ જાય તો તેવા કિસ્સામાં બધું પ્રીમિયમ રાખી મૂકવાની મંજુરી નથી આપતો. આ પાછળનું કારણ એ છે કે દરેક પોલીસિ નીચેના બે કારણોસર રિઝર્વ મેળવે છે:

● પોલીસિના પ્રારંભિક વર્ષોમાં પ્રીમિયમની રકમ ન્યાયી કહી શકાય તેના કરતાં વધુ હોય છે (લેવલ પ્રીમિયમ) ; અને

● પ્રીમિયમમાં રહેલા બચતના ઘટક.

આ રિઝર્વ ગુમાવવું પડે તે પોલીસિધારક માટે યોગ્ય નથી. પોલીસિની શરતો પોલીસિધારકને જો તે પ્રીમિયમ ચૂકવવામાં નિષ્ફળ રહે તો તે સામે અનેક સલામતી પૂરી પાડે છે. આ જોગવાઈઓને નોન-ફોરફિચર (નહીં-ગુમાવવા) જોગવાઈ કહેવામાં આવે છે. જો પૂરતું પ્રીમિયમ ભરાયું હોય તો પોલીસિને પેઈડ-અપ પોલીસિ બનાવી શકાય છે અને પોલીસિમાં બચતનો ઘટક હોય છે. પોલીસિધારક આ માટે વિનંતી કરતો હોય છે પરંતું કરારના પ્રકાર પ્રમાણે તે આપમેળે ચૂકવવાને પાત્ર બની જાય છે અને તેનો આધાર કેટલા પ્રીમિયમ ચૂકવાયા છે તેના પર રહેલો છે.

થ૧બી: પેઈડ અપ મૂલ્ય

જો પોલીસિધારક પોલીસિ પર પ્રીમિયમ ભરવામાં નિષ્ફળ જાય જે મૂલ્ય ધરાવતી હોય દા.ત. એન્ડાઉમેન્ટ અથવા બચત યોજના અને પોલીસિ લેપ્સ થઈ જાય તો તેવા કિસ્સામાં વીમા કંપની વીમાની સંપૂર્ણ રકમ ચૂકવવા બંધાયેલ નથી. આવી લેપ્સ થઈ ગયેલી પોલીસિ પેઈડ અપ પોલીસિ બનાવી શકાય છે. પેઈડ અપ પોલીસિમાં અગાઉ જે પ્રીમિયમ ચૂકવાઈ ગયું હોય તે પ્રમાણે વીમાની રકમ ઘટાડી નાંખવામાં આવે છે.

પેઈડ અપ વેલ્યુની ગણતરી કરવાની ફોર્મ્યુલાઃ

[{ચૂકવાયેલા પ્રીમિયમની સંખ્યા÷ ચૂકવવાના કુલ પ્રીમિયમની સંખ્યા (પોલીસિની મુદત)} X વીમાની રકમ]+બોનસ (જો કંઈ હોય તો) = પેઈડ અપ વેલ્યુ.

વીમા કંપની પેઈડ અપ વેલ્યુ તરીકે ઓછામાં ઓછી રકમનો આગ્રહ ધરાવે છે. પેઈડ અપ વેલ્યુ આ લઘુત્તમ રકમ કરતાં ઓછી નીકળે તો આ નોન-ફોરફિચરનો લાભ લાગુ થતો નથી અને પોલીસિ લેપ્સ થઈ જશે. પોલીસિધારક કદાચ સરન્ડર વેલ્યુ મેળવી શકે છે (આ અંગે આપણે **થ૧સી**માં ચર્ચા કરીશું).

જો પોલીસિધારકે ઓછામાં ઓછા ત્રણ વર્ષ સુધી પ્રીમિયમ ભરી દીધુ હોય તો સામાન્ય રીતે વીમા કંપની સામાન્ય પોલીસિને પેઈડ અપ પોલીસિમાં રૂપાંતર કરવાના હક આપતી હોય છે. આ સમયગાળા બાદ, પોલીસિધારક જો બાકીના સમયગાળાનું પ્રીમિયમ ચૂકવી શકે એમ ન હોય તો પેઈડ અપ વિકલ્પ હેઠળ પોલીસિ રદ થતી નથી. તેના બદલે વીમાની રકમ ઘટીને ચૂકવાયેલા પ્રીમિયમની સંખ્યાના પ્રમાણમાં થઈ જાય છે. વીમાની રકમ સંબંધિત અન્ય લાભો ચૂકવવાના થતાં હોય તો આ લાભો પણ વીમાની રકમમાં થયેલા ઘટાડા, જે પેઈડ અપ વેલ્યુ છે, તેના પ્રમાણમાં હોય છે.

વીથ પ્રોફિટ પોલીસિને પેઈડ - અપ કરી નાંખવામાં આવે તો બોનસનું શું ?

વીથ પ્રોફિટ પોલીસિની પેઈડ - અપ વેલ્યુની ગણતરી કરતી વખતે મંજૂર કરાયેલા બોનસમાં કોઈ ફેરફાર થતો નથી. માત્ર વીમાની રકમ ઘટીને ચૂકવાયેલા પ્રીમિયમના પ્રમાણ જેટલી થઈ જાય છે. એકઠું થયેલું બોનસ ઘટેલી વીમાની રકમમાં ઊમેરી દેવામાં આવે છે જેથી ખરી પેઈડ - અપ વેલ્યુ મળી શકે. જો કે પેઈડ - અપ પોલીસિ ત્યારપછીના વધુ બોનસ મેળવવાને હકદાર નથી.

ઉદાહરણ

રાકેશ સિંહ પાસે બચત પોલીસિ છે. પોલીસિની વિગતો નીચે પ્રમાણે છેઃ

પોલીસિની મુદત	૨૦ વર્ષ
પોલીસિ શરૂ થવાની તારીખ	૪ જૂન ૨૦૦૧
વીમાની રકમ	રૂપિયા ૫,૦૦,૦૦૦
પ્રીમિયમ ચૂકવવાની પદ્ધતિ	વાર્ષિક

ચૂકવાયેલું અંતિમ પ્રીમિયમ	૪ જૂન ૨૦૦૮
ચૂકવાયેલા પ્રીમિયમની સંખ્યા	૮
ચૂકવવાના કુલ પ્રીમિયમની સંખ્યા (પોલીસિની મુદત)	૨૦
ફાળવાયેલા બોનસની રકમ	રૂપિયા ૫૦,૦૦૦

ઉપરની માહિતી પરથી જણાય છે કે રાકેશ સિંહે આઠ વર્ષ બાદ પ્રીમિયમ ભરવાનું બંધ કરી દીધું છે. આ પોલીસિ સંપૂર્ણ રીતે રદ નહી થઈ જાય. આને બદલે વીમાની રકમ ચૂકવાયેલા પ્રીમિયમના પ્રમાણમાં ઘટી જશે.

પેઈડ અપ વેલ્યુ= [{ચૂકવાયેલા પ્રીમિયમની સંખ્યા÷ચૂકવવાના કુલ પ્રીમિયમની સંખ્યા (પોલીસિ મુદત)} X વીમાની રકમ] + બોનસ

= [{૮÷૨૦} X ૫,૦૦,૦૦૦] +૫૦,૦૦૦
= ૨,૦૦,૦૦૦ + ૫૦,૦૦૦
= ૨,૫૦,૦૦૦ રૂપિયા.

પોલીસિની પેઈડ-અપ વેલ્યુ રૂપિયા ૨,૫૦,૦૦૦ રહેશે.

<u>થ૧સીઃ સરન્ડર વેલ્યુ</u>

અમે અગાઉ જણાવી ગયા તેમ, જો પોલીસિધારકને લાગે કે તે વધુ પ્રીમિયમ ચૂકવી શકે એમ નથી તો તે પોલીસિ પર કોઈ દાવો કરવાનો આવે અથવા તેની મુદત પાકે તે પહેલાં પોલીસિ સરન્ડર કરીને તેને રદ કરાવી શકે છે અને તાત્કાલિક સરન્ડર વેલ્યુ મેળવી શકે છે. પોલીસિ તેની સાથે સંકળાયેલ મૂલ્ય ધરાવતી હોવી જોઈએ ઉદાહરણ તરીકે, એન્ડાઉમેન્ટ અથવા બચત યોજના. પોલીસિ સરન્ડર કરવી એટલે કરારનો સ્વૈચ્છિક રીતે અંત લાવવો. પોલીસિ સરન્ડર કરવાને પાત્ર બનાવવા વીમા કંપનીએ ઓછામાં ઓછા ૩થી ૭ વર્ષનો સમયગાળો નિશ્ચિત કર્યો છે. 'સરન્ડર વેલ્યુ' અથવા 'કેશ વેલ્યુ' એટલે એવી રકમ જે પોલીસિ સરન્ડર કરવા પર વીમા કંપની ચૂકવવાને જવાબદાર રહે છે. સરન્ડર વેલ્યુ એ સામાન્ય રીતે ચૂકવાયેલા પ્રીમિયમની અથવા પેઈડ - અપ મૂલ્યની ટકાવારી હોય છે.

સરન્ડર વેલ્યુ ચૂકવાયેલા પ્રીમિયમને આધારે ગણવામાં આવે છે, માટેઃ

<u>પોલીસિનો સમયગાળો જો ઓછો હોય તો સરન્ડર વેલ્યુ પણ ઓછી રહે છે</u>

૨૫ વર્ષની મુદત સાથેની પોલીસિ ૫ વર્ષ બાદ સરન્ડર કરવામાં આવે તો, ચૂકવાયેલા પ્રીમિયમની રકમ કહો કે ૧૦ વર્ષ બાદ પોલીસિ સરન્ડર કરવામાં આવી હોત તો તેના કરતાં ઓછી હોત.

સરન્ડર વેલ્યુનો આધાર ચૂકવાયેલા પ્રીમિયમ પર હોવાથી દસ વર્ષ બાદ પોલીસિ સરન્ડર કરાઈ હોત તો તેની સરન્ડર વેલ્યુ પાંચ વર્ષ કરતાં ઊંચી હોત.

<u>લાંબા ગાળાની પોલીસિ માટે સરન્ડર વેલ્યુ ટૂંકા ગાળાની પોલીસિની સરખામણીએ નીચી રહેશે જો બંને પોલીસિ સરન્ડર કરવાનો સમયગાળો સમાન હશે તો.</u>

આપણે બે પોલીસિ પર વિચાર કરીએ. **એ** અને **બી**. પોલીસિ **એ**-ની મુદત ૧૫ વર્ષની છે અને **બી**-ની મુદત ૨૦ વર્ષની છે. બંને પોલીસિ ૧૦ વર્ષ બાદ સરન્ડર કરવામાં આવે છે અને બંનેનો ચૂકવાઈ ગયેલા પ્રીમિયમનો સમયગાળો સમાન છે. આવા કિસ્સામાં પોલીસિ **એ**-ની સરન્ડર વેલ્યુ પોલીસિ **બી** કરતાં ઊંચી રહેશે કારણ કે પોલીસિ **એ** પર મુદતના બે-તૃતિયાઁશ સમયગાળા માટે પ્રીમિયમ ચૂકવાયું છે જ્યારે પોલીસિ **બી** પર મુદતના પચાસ ટકા સમયગાળા માટે પ્રીમિયમની ચૂકવણી થઈ છે.

પોલીસિનો સમયગાળો એટલે પોલીસિ શરૂ થવાની તારીખ અને તે સરન્ડર કરવાની તારીખ વચ્ચેનો તફાવત એટલે કે

પોલીસિનો સમયગાળો = પોલીસિ સરન્ડર કરવાની તારીખ - પોલીસિ શરૂ થયાની તારીખ

ઉદાહરણ તરીકે, પોલીસિ સરન્ડર કરાયાની તારીખ ૧૫ ફેબ્રુઆરી ૨૦૧૧ હોય અને તે શરૂ થયાની તારીખ ૭ જાન્યુઆરી ૨૦૦૧ હોય તો, પોલીસિનો સમયગાળો દસ વર્ષ કહેવાય (દસ વર્ષ, એક માસ અને સાત દિવસ રહેશે).

પોલીસિધારકે કદાચ પાંચ વર્ષ માટે જ પ્રીમિયમ ચૂકવ્યું હશે તો પણ સરન્ડર ઘટક ૧૦ વર્ષ માટે લેવાશે નહી કે ૫ વર્ષ માટે.

કાયદા પ્રમાણે વીમા કંપનીએ તેના પ્રોસ્પેકટસ અથવા પોલીસિ દસ્તાવેજમાં ઓછામાં ઓછી ખાતરીલાયક સરન્ડર વેલ્યુ કેટલી છે તેનો ઉલ્લેખ કરવો જરૂરી છે, આ ઉલ્લેખ ચૂકવાયેલા પ્રીમિયમની ટકાવારીમાં થઈ શકે છે. આમછતાં વીમા કંપની દ્વારા ચૂકવાતી મૂળ સરન્ડર વેલ્યુ ખાતરીલાયક સરન્ડર વેલ્યુ કરતાં ઊંચી હોય છે.

<u>થ-૨: રિવાઈવલ</u>

<u>ઉદાહરણ</u>

શ્રી. કુમારે નીતિશ શર્માને વીમા પોલીસિ રદ નહી કરવા સલાહ આપી. આ માટે બે કારણો છે. સૌથી મુખ્ય કારણ જો જોખમનું આવરણ નીકળી જશે તો નીતિશ પ્રતિકૂળ સંજોગો સામે ટકી નહી શકે. આ ઉપરાંત, જો નીતિશ પછીથી મોટી ઉમરે નવી પોલીસિ લેશે તો તેણે ઊંચું પ્રીમિયમ ચૂકવવાનો વારો આવશે.

પોતે કોઈ કારણસર પ્રીમિયમ ચૂકવી શકે એમ નથી અને પોલીસિ લેપ્સ થઈ જાય છે તો વીમા કંપની પોલીસિધારકને ચોક્કસ સમયગાળાની અંદર પોલીસિ તે જ અથવા સુધારિત શરતો સાથે ફરી શરૂ કરવાની તક આપે છે એમ શ્રી. કુમારે નીતિશ શર્માને જણાવ્યું.

પોલીસિ જ્યારે રદ થઈ જાય છે ત્યારે તે વીમા કંપની અથવા વીમાધારક બેમાંથી એકને પણ લાભ કરતી નથી. વીમાધારક સંપૂર્ણ રકમ માટેનું વીમાનું આવરણ ગુમાવી દે છે અને કોઈ સંભવિત પ્રતિકૂળ સંજોગો જો ઊભા થાય તો તે સામે નબળો પડી જાય છે. વીમા કંપનીને પણ ખોટ જાય છે. લેવલ પ્રીમિયમ એવી ધારણાંને આધારે મૂકવામાં આવે છે કે, મૃત્યુના દાવાને બાદ કરતાં, પોલીસિ તેની સંપૂર્ણ મુદત સુધી ચાલુ રહેશે. પોલીસિ વેચવાના પ્રારંભિક તબક્કામાં તેના પરનો ખર્ચ ઊંચો હોય છે અને વીમો ચાલુ રહે તો જ વીમા કંપની આ ખર્ચ કાઢી શકે છે. સામાન્ય રીતે એવું જોવાયું છે કે નાદૂરસ્ત તબિયત ધરાવનારાઓ પોલીસિ જાળવી રાખતાં હોય છે અને તંદૂરસ્ત લોકો પોલીસિ રદ અથવા સરન્ડર કરી નાંખતા હોય છે. આને પ્રતિકૂળ પસંદગી ગણી શકાય. આનો અર્થ વીમાનો ખર્ચ ગણતી વખતે વીમા કંપનીની જવાબદારી કેટલી હોવી જોઈએ એની મૂકેલ ધારણાં કરતાં તે વધુ હોવી જોઈએ.

પોલીસિ રદ થવાથી બંને પક્ષને અસર થતી હોવાથી વીમા કંપની રદ થયેલી પોલીસિ ફરી શરૂ થાય તેવા બનતા પ્રયાસ કરતી હોય છે. આ પ્રક્રિયાને **'રિવાઈવલ' (ફરી શરૂ કરવી)** કહેવાય છે. રદ થયેલી પોલીસિ ફરી શરૂ કરવા વીમા કંપની પોલીસિધારકને વિકલ્પ પૂરો પાડે છે. દરેક વીમા કંપનીઓની રિવાઈવલ કરી આપવાની યોજનાઓ અલગઅલગ હોય છે, મોટાભાગની કંપનીઓ પોલીસિધારકોને હપ્તા દ્વારા રિવાઈવલ અને લોન-કમ- રિવાઈવલ સહિતની યોજના દ્વારા સરળ શરતે પોલીસિ રિવાઈવ કરવામાં મદદ કરવાનો મત ધરાવે છે.

પોલીસિ ફરી શરૂ કરવા માટે નીચેના પગલાં સામાન્ય રીતે આવશ્યક હોય છેઃ

પોલીસિ ફરી શરૂ કરવા (પોલીસિ રિવાઈવ કરવા)

- વ્યાજ સાથે બાકી પ્રીમિયમની ચૂકવણી
- પોલીસિ પહેલાંની જેમ ફરી શરૂ કરવા માટેની અથવા રિવાઈવલ માટેની ફી (કેટલીક વીમા કંપનીઓ દ્વારા)
- તંદૂરસ્તીનો પુરાવો

કોઈ પોલીસિ પાંચ કે તેથી વધુ વર્ષ સુધી લેપ્સ સ્થિતિમાં રહી હોય તો કેટલીક વીમા કંપનીઓ તે રિવાઈવ કરતી નથી. પોલીસિ ફરી શરૂ કરવા માટે તંદૂરસ્તીના પુરાવાનું ધોરણ પોલીસિ લેપ્સ થયાના સમયગાળા અને વીમાની રકમ પ્રમાણે અલગઅલગ હોય છે.

થ૩: રિન્યુઅલ

રિન્યુઅલ એટલે શું તે આપણે **છ-૭** માં ટૂંકમાં જોઈ ગયા. પોલીસિ પાકવાના સમયે, વીમા કંપની પોલીસિધારકને પોલીસિ રિન્યુ કરવા નોટિસ પાઠવશે.

રિન્યુ માટેની નોટિસ જારી કરતી વખતે વીમા કંપની પોલીસિધારક દ્વારા પુલમાં કેટલું જોખમ લવાય છે તેના પર ફરીથી નજર નાંખી શકે છે. ત્યારબાદ વીમા કંપની અલગ શરતોએ અથવા ઊંચા પ્રીમિયમ સાથે પોલીસિ રિન્યુ કરવાનો પ્રસ્તાવ આપવાનું પસંદ કરે છે. પોલીસિધારકે શરૂઆતમાં પોલીસિ લીધી ત્યારે અને હાલમાં કોઈ મૂળ હકીકતમાં બદલાવ આવ્યો હોય તો તે જણાવવા પણ વીમા કંપની પોલીસિધારકને યાદ અપાવશે. ત્યારબાદ પોલીસિ રિન્યુ કરવા પોલીસિધારકે શું કરવાનું રહેશે તે નોટિસમાં સમજાવાશે.

આ પ્રસ્તાવ સ્વીકારવો કે નકારવો તેનો આધાર પોલીસિધારક પર રહેલો છે. જો તેઓ પ્રસ્તાવ સ્વીકારે તો તેમને સૂચનાઓ અનુસરવાની રહે છે અને નવી પોલીસિ શરૂ થશે. જો તે પ્રસ્તાવ નકારશે તો આવરણ મટી જશે.

થ૪: નોમીનેશન અને એસાઈનમેન્ટ

ઉદાહરણ

પોતાની વીમા પોલીસિ હેઠળ પૂરા પડાતા લાભ અને વિશિષ્તાઓનો નીતિશ શર્મા અભ્યાસ કરે છે અને કેટલાક એવા શબ્દપ્રયોગો જોયા જે તે સમજી શકયો નહી. તેણે શ્રી. કુમારનો સંપર્ક સાધ્યો અને મદદ માટે વિનંતી કરી.
પ્રસ્તાવ ફોર્મ ભરતી વખતે શ્રી. કુમાર નોમીનેશનનો શા માટે આગ્રહ રાખતો હતો એવો તેણે સવાલ કર્યો. નીતિશે એસાઈનમેન્ટ શું છે અને તે કેવી રીતે થાય તે પણ પૂછ્યું.

થ૪એ: નોમીનેશન

નોમીનેશન એટલે વીમાધારકના મૃત્યુના કિસ્સામાં વીમા કંપની દ્વારા વીમાની રકમ કોને ચૂકવવી તે વ્યક્તિ અથવા વ્યક્તિઓના વીમાધારક દ્વારા સૂચવાતા નામ. વીમાધારક એક અથવા વધુ વ્યક્તિને નોમીનિ તરીકે સૂચવી શકે છે. નોમીનિઓ આ રકમ જેને મેળવવાનો હક છે તેના વતિ ટ્રસ્ટી તરીકે નાણાં જાળવી રાખવા અથવા યોગ્ય રીતે તેનો ઉપયોગ કરવા અધિકાર ધરાવે છે. પોલીસિ ખરીદવાના સમયે અથવા ત્યારબાદ ગમે ત્યારે નોમીનેશન થઈ શકે છે. અન્યના જીવન પર પોલીસિ ધરાવતી વ્યક્તિ નોમીનેશન કરી શકતી નથી. વીમા ધારા ૧૯૩૮ની કલમ ૩૯ હેઠળ પોલીસિધારક તેના પોતાના જીવન પર એવી વ્યક્તિ અથવા વ્યક્તિઓના નામ નોમીનેટ કરી શકે છે જેને તેમના મૃત્યુના કિસ્સામાં પોલીસિ દ્વારા સુરક્ષિત કરાયેલા નાણાં ચૂકવણી કરી શકાય.

ધ્યાન રાખો

એસાઈનમેન્ટ થાય છે ત્યારે (જુઓ નીચેનો વિભાગ **થ૪બી**) નોમીનેશન અસ્તિત્વમાં રહેતું નથી. જો કે અપવાદ તરીકે વીમા પોલીસિની સામે મંજૂર કરાયેલ લોન સામે ચોક્કસ ચૂકવણીના બદલામાં વીમા કંપનીની તરફેણમાં એસાઈનમેન્ટ કરાયું હોય તેવા કિસ્સામાં નોમીનેશન માન્ય રહે છે.

નોમીનેશનની મહત્વની વિશિષ્ટતા

પોલીસિમાં વધુ એક શેરો મારીને નોમીનેશન બદલી શકાય છે. જો પૂરતી જગ્યા ન હોય તો નોમીનેશન એક કોરા કાગળ પર કરી શકાય છે અને તે પોલીસિ દસ્તાવેજ સાથે જોડી દેવાનો રહે છે પોલીસિ સાથે જ્યાં કાગળ જોડાયો હોય તેના અંતે વીમા ધારકે સહી કરવાની રહે છે. વીમાધારક દ્વારા પોલીસિની મુદત દરમ્યાન નોમીનેશનમાં કોઈપણ ફેરફાર કરી શકાય છે અથવા તે રદ કરી શકાય છે.

સંયુકત જીવન પોલીસિમાં નોમીનેશનની આવશ્યકતા નથી કારણ કે વીમો ઊતરાવાયેલ બેમાંથી એક જીવિત વ્યક્તિને પોલીસિના નાણાં ચૂકવવાના રહે છે. આમ છતાં, બંને સંયુકત વીમાધારકો તેમના એકસાથે મૃત્યુના સંજોગોને ધ્યાનમાં રાખીને વીમાની રકમ મેળવવા માટે કોઈ વ્યક્તિને સંયુક્ત રીતે નોમીનેટ કરી શકે છે.

નોમીનેશન નોમીનેટ કરેલી વ્યક્તિને વીમાધારકના માત્ર મૃત્યુના કિસ્સામાં જ પોલીસિના નાણાં પ્રાપ્ત કરવાના હક આપે છે. નોમીનિને સંપૂર્ણ (અથવા અંશતઃ) દાવામાં કોઈ જ હક હોતો નથી.

નોમીનિ જ્યાં સગીર હોય ત્યાં પોલીસિધારકે એપોઈન્ટીની નિમણૂંક કરવાની રહે છે. એપોઈન્ટી તરીકે ફરજ બજાવવા માટે પોતે સહમત હોવાનું દર્શાવવા એપોઈન્ટીએ પોલીસિ અંગેના દસ્તાવેજ (પ્રપોઝલ ફોર્મ) પર સહી કરવાની રહે છે. નોમીનિ જ્યારે પુખ્ત વયનો થઈ જાય ત્યારે એપોઈન્ટી તેનો દરજ્જો ગુમાવી દે છે. વીમાધારક ગમે ત્યારે એપોઈન્ટી બદલી શકે છે. જો એપોઈન્ટીની નિમણૂંક ન થઈ હોય અને નોમીનિ સગીર હોય ત્યારે તેવા કિસ્સામાં વીમાધારકનું મૃત્યુ થાય તો મૃત્યુનો દાવો વીમાધારકના કાનૂની વારસદારને ચૂકવાય છે.

જ્યાં એક કરતાં વધુ નોમીનિ નિયુક્ત કરાયા હોય ત્યાં, મૃત્યુનો દાવો તેમને સંયુકત રીતે અથવા સર્વાઈવર અથવા સર્વાઈવરોને ચૂકવવામાં આવે છે. દરેક નોમીનિ માટે કોઈ ચોક્કસ હિસ્સો જણાવી શકાતો નથી. નોમીનેશન અનુગામી નોમીનિઓની તરફેણમાં પણ કરી શકાય છે. જેમ કેઃ 'રશ્મિ ગુપ્તાને ચૂકવવાને પાત્ર, જો તેમાં નિષ્ફળ જવાય તો પલ્લવ ગુપ્તા અને તેમાં પણ નિષ્ફળ જવાય તો માધવ ગુપ્તાને ચૂકવવું'.

પોલીસિ શરૂ થયા બાદ કરાયેલા નોમીનેશનને અસરકારક ગણવા વીમા કંપનીને જાણ કરવી જરૂરી છે.

વીમાધારકના મૃત્યુ બાદ, પરંતું મૃત્યુના દાવા પહેલાં નોમીનિનું મૃત્યુ થાય તો વીમાની રકમ વીમાધારકની મિલકતનો હિસ્સો બની જાય છે અને તે તેના કાયદેસરના વારસદારને ચૂકવાય છે.

<u>ઉદાહરણ</u>

વિશાલ મહેતા સીનિયર એચઆર એક્ઝિક્યુટિવ છે. ૨૮ વર્ષની વયે તેણે એન્ડાઉમેન્ટ પોલીસિ ખરીદી હતી. તેણે તેના બે વર્ષના પુત્ર મોહિતને પોલીસિમાં નોમીનેટ કર્યો છે. એપોઈન્ટીની નિમણૂંક અંગે કોઈ વિગત નથી અને વિશાલે તેના એજન્ટને વચન આપ્યું હતું કે તે પછીથી એપોઈન્ટીની સહી લઈ લેશે. પછીથી ૩૫ વર્ષની વયે વિશાલ એક કાર અકસ્માતમાં મૃત્યુ પામ્યો. રજૂ કરવામાં આવેલા વિલમાં વિશાલે તેના પિતાને તેના કાનૂની વારસદાર તરીકે નિમ્યા હતાં.

વિશાલના મૃત્યુ બાદ તેની પત્ની બાળકની કુદરતી વાલી બની જાય છે. મોહિતની કુદરતી વાલી તરીકે શું તે પોલીસિના નાણાં માટે દાવો કરી શકે ખરી?

આનો જવાબ છે ના. સગીરના કુદરતી અથવા નિમાયેલા વાલીનો પોલીસિના નાણાં પર કોઈ હક નથી હોતો. જો વિશાલે તેની પત્નીની એપોઈન્ટી તરીકે નિમણૂંક કરી હોત તો જ તે પોલીસિના નાણાં મેળવી શકી હોત કારણ કે મોહિત જે નોમીનિ છે તે સગીર છે.

આ કિસ્સામાં પોલીસિના નાણાં વિશાલના પિતાને મળશે કારણ કે વિલમાં તેમને કાનૂની વારસદાર ગણાવાયા છે.

થ૪બીઃ એસાઈનમેન્ટ (સુપરત કરવા)

એસાઈનમેન્ટનો ઉલ્લેખ વીમા પોલીસિમાં ટાઈટલ, હક અને હિતો અન્યને તબદીલ કરાય ત્યારે તે સંદર્ભમાં થાય છે.

એસાઈનર
● વીમા પોલીસિમાં પોતાના ટાઈટલ અન્યને તબદીલ કરનાર વ્યક્તિ **એસાઈનર** તરીકે ઓળખાય છે, ● એસાઈનર પુખ્ત હોવો જોઈએ અને પોલીસિમાં સંપૂર્ણ ટાઈટલ ધરાવતો હોવો જોઈએ.

એસાઈની
● જે વ્યક્તિ અથવા સંસ્થાને પોલીસિ તબદીલ કરાઈ હોય તે **એસાઈની** તરીકે ઓળખાય છે.

એક વખત પોલીસિ એસાઈન્ડ થઈ ગયા બાદ, એસાઈની પોલીસિનો માલિક બની જાય છે અને પોલીસિ સંબંધિત બાબતોમાં એસાઈનરની પરવાનગીની આવશ્યકતા રહેતી નથી. એક વખત એસાઈનમેન્ટ થઈ ગયા બાદ એસાઈનર દ્વારા તે કોઈપણ રીતે રદ અથવા સુધારી શકાતા નથી. જો કે એસાઈની દ્વારા એસાઈનરની તરફેણમાં પોલીસિ 'રિ-એસાઈન્ડ' કરી શકાય છે.

ધ્યાન રાખો

એસાઈનમેન્ટને પગલે એસાઈની પોલીસિનો ટાઈટલધારક બની જતો હોવા છતાં, એસાઈની પોલીસિમાં નોમિનેશન કરી શકતો નથી કારણ કે એસાઈની વીમાધારક નથી.

વીમા ધારાની કલમ ૩૮ વીમા પોલીસિના એસાઈનમેન્ટ સંબંધિત કાનૂની જોગવાઈઓ સ્પષ્ટ કરે છે, જે જણાવે છે કેઃ

● પોલીસિ પર શેરા દ્વારા અથવા અલગ ડીડ મારફત એસાઈનમેન્ટ થઈ શકે છે. પોલીસિ પર શેરા દ્વારા જ જ્યારે એસાઈનમેન્ટ થાય છે ત્યારે સ્ટેમ્પ ડ્યૂટી ભરવી આવશ્યક નથી. જો કે અલગ ડીડના કિસ્સામાં સ્ટેમ્પ ડયૂટી ભરવી પડે છે;

● એસાઈનર અથવા તેના સત્તાવાર એજન્ટ દ્વારા સહી થયેલું હોવું જોઈએ;

● સહી એક સાક્ષી દ્વારા એટેસ્ટ (સાક્ષીકૃત) થયેલી હોવી જરૂરી છે;

● બજવણી પર જ એસાઈનમેન્ટ અસરકારક બને છે;

● એસાઈનમેન્ટ અંગે વીમા કંપનીને નોટિસ સાથે માહિતી આપવાની રહે છે;

● વીમા કંપનીને એસાઈનમેન્ટ સંબંધિત નોટિસ મળ્યા બાદ જ તે એસાઈનમેન્ટને અસરકારક ગણે છે;

● એસાઈનમેન્ટના એક કરતાં વધુ દસ્તાવેજ હોય ત્યારે વીમા કંપનીને જે ક્રમમાં નોટિસો પૂરી પડાઈ હોય તે ક્રમ પ્રમાણે જ દાવા નિશ્ચિત કરવામાં આવે છે.

એસાઈનમેન્ટના પ્રકાર

એસાઈનમેન્ટ બે પ્રકારના હોય છેઃ

શરતી એસાઈનમેન્ટ
● જણાવેલ શરત પૂર્ણ થવા પર પોલીસિમાંના હિત આપમેળે એસાઈનરને પાછા મળી જાય છે.

સંપૂર્ણ એસાઈનમેન્ટ
● એસાઈની પોલીસિમાં ટાઈટલધારક બની જાય છે અને

પોલીસિ સાથે તે ધારે તે પ્રમાણે વ્યવહાર કરી શકે છે.

ઉદાહરણ

શરતી એસાઈનમેન્ટ પ્રત્યાવર્તન ત્યારે જ કરે છે (રિવર્સ થાય છે) જ્યારેઃ

- એસાઈનરની પહેલાં એસાઈનીનું મૃત્યુ થાય; અથવા

- એસાઈનર પાકતી તારીખ સુધી જીવિત રહે.

થ૫: લોન્સ અને ફોરકલોઝર (ગીરોમુક્તિની બંધી)

ઉદાહરણ

શ્રી. કુમાર સાથેના વાર્તાલાપમાં નીતિશ શર્મા કુમારને જણાવે છે કે, વીમા પોલીસિની સામે લોન ઊભી કરી શકાય છે એવું પોતે સાંભળ્યું છે તો તે શું તે સાચું છે ?
આ પ્રશ્નનો શ્રી. કુમાર કઈ રીતે જવાબ આપે છે તે આપણે જોઈએ.

થ૫એ: પોલીસિ સામે લોન્સ

પોલીસિની મુદતો અને શરતો લોન્સ માટેની જોગવાઈ ધરાવતાં હોય તો પોલીસિધારક તે સામે લોન મેળવવાનો વિકલ્પ ધરાવે છે. દરેક પોલીસિમાં લોન નથી મળતી.
વીમા પોલીસિ સામે લોન્સની મુખ્ય વિશિષ્ટતાઓ નીચે પ્રમાણે છેઃ

- લોનની રકમઃ વીમા પોલીસિ સામે લોન્સમાં, લોનની રકમ પોલીસિની સરન્ડર વેલ્યુની ચોક્કસ ટકાવારી જેટલી હોય છે.
- વીમા કંપની દ્વારા અપાયેલ મંજૂરી પ્રમાણે પોલીસિધારક એન્ડાઉમેન્ટ પોલીસિ, આજીવન પોલીસિ તથા અન્ય પોલીસિઓ પર લોન્સ મેળવી શકે છે. આવા પ્રકારની પોલીસિમાં બચતનો ઘટક હોય છે. જે પોલીસિમાં પોલીસિની મુદત દરમિયાન વીમાની રકમનો કેટલોક હિસ્સો પરત કરવાનો હોય તેવી પોલીસિ (મની બેક) પર લોન લઈ શકાતી નથી. મુદતી વીમા પોલીસિ કોઈ સરન્ડર વેલ્યુ ધરાવતી નથી અને માટે લોન્સ મેળવવા તેનો ઉપયોગ થઈ શકતો નથી.
- લોન લેવા સમયે વીમા પોલીસિ સંપૂર્ણ રીતે વીમા કંપનીની તરફેણમાં એસાઈન્ડ કરી દેવાની રહે છે. પોલીસિ સામે લોન લેવા માટે વીમા કંપનીની તરફેણમાં કરાતા એસાઈનમેન્ટથી હયાત નોમીનેશન અમાન્ય થતું નથી.
- ઋણ લેનાર દ્વારા પોલીસિની મુદત દરમ્યાન લોનનું રિપેમેન્ટ સંપૂર્ણ અથવા હપ્તામાં કરી શકાય છે. દાવો ઊભો થાય ત્યાં સુધી રિપેમેન્ટ મોકૂફ રાખવાનો ઋણ લેનાર વિકલ્પ ધરાવે છે.

● પોલીસિધારક જો પ્રીમિયમની ચૂકવણી નિયમિત રીતે કરે તો સરન્ડર વેલ્યુ વધતી રહે છે અને એક તબક્કે બાકી રહેલી લોન અને વ્યાજ કરતાં તે વધુ રહેશે.

ધ્યાન રાખો

બેન્કો પણ પોલીસિની સરન્ડર વેલ્યુના ૭૫% થી ૯૦% લોન આપે છે.

થ૫બીઃ ફોરકલોઝર

એવા બે માર્ગો છે જેમાં વીમા પોલીસિ સરન્ડર કરી શકાય છેઃ

● પોલીસિધારક દ્વારા સરન્ડર; અને
● વીમા કંપની (ફોરકલોઝર) દ્વારા સરન્ડર.

લોન લેનાર વ્યાજ અથવા વ્યાજ અને મૂળ રકમ પરત ન કરતો હોય તો બાકી રહેતી લોનની વ્યાજ સાથેની રકમ ચૂકવવાના થતાં દાવા (પાકતી મુદતે અથવા મૃત્યુના કિસ્સામાં)ની રકમમાંથી કાપી લેવામાં આવે છે.

વીમા કંપની દ્વારા જ્યારે પોલીસિ સરન્ડર (રદ) કરવામાં આવે છે ત્યારે, તેને ફોરકલોઝર કહેવાય છે. રદ થયેલી પોલીસિના કિસ્સામાં જ વીમા કંપની દ્વારા પોલીસિ ફોરકલોઝડ થાય છે. લોન મંજૂર કરાઈ હોય ત્યારે પોલીસિ ચાલુ હોઈ શકે છે પરંતું પછીથી પોલીસિ રદ થઈ જાય છે અને પોલીસિધારક ન તો પ્રીમિયમ યા ન તો લોન પરનું વ્યાજ અને મૂળ રકમ ચૂકવે છે.

ફોરકલોઝરના બે મુખ્ય કારણો હોઈ શકેઃ

* ઋણ લેનારે પોલીસિની મુદત દરમ્યાન લોન પરત ભરવાનું પસંદ કર્યું હોય અને તેમ કરવા તે અશક્તિમાન હોય; અથવા
* દેવું (લોન) પોલીસિની મુદત પર દાવો ઊભો થાય ત્યાંસુધી એકઠું થયું હોય અને એકઠું થયેલું દેવું પોલીસિની સરન્ડર વેલ્યુ કરતાં વધુ થઈ ગયું હોય.

પેઈડ- અપ પોલીસિના કિસ્સામાં સરન્ડર વેલ્યુ એકઠા થતાં વ્યાજ જેટલી ઝડપે વધતી નથી. કોઈક સમયે મૂળ રકમ અને વ્યાજની રકમ સરન્ડર વેલ્યુ કરતાં વધી જાય છે. આવા કિસ્સામાં ફોરકલોઝર આવશ્યક બની જાય છે.

ઋણ લેનારને ફોરકલોઝરની નોટિસ બજાવાય છે અને લોન પરના બાકી વ્યાજ ભરવા તેમને વિનંતી કરવામાં આવે છે. જો લોન લેનાર વ્યાજ ચૂકવવામાં નિષ્ફળ રહે તો પોલીસિ ફોરકલોઝ્ડ થઈ જાય છે, એટલે કે લોન સામે સરન્ડર. બાકી રહેતી સરન્ડર વેલ્યુ (જો કંઈ હોય તો) લોન અને બાકી વ્યાજની રકમ વસૂલી લીધા બાદ પોલીસિધારકને ચૂકવી દેવામાં આવે છે. પોલીસિધારકે આટલી રકમ મળી હોવાના વાઉચર પર સહી કરવાની રહે છે.

<u>ફોરકલોઝ્ડ થયેલી પોલીસિ ફરી શરૂ કરી શકાય ખરી ?</u>

બાકી રહેતી સરન્ડર વેલ્યુ મેળવવા માટે પોલીસિધારક રકમ મળી હોવાનું વાઉચર સુપરત કરે તે પહેલાં ફોરકલોઝ્ડ થયેલી પોલીસિ ફરી શરૂ કરી શકાય છે. પોલીસિ ફરી શરૂ કરવા માટે પોલીસિધારકે બાકી રહેલા વ્યાજની રકમ પહેલા ચૂકવી દેવાની રહે છે અને '**તંદૂરસ્તી સારી હોવાનું જાહેરનામું**' સુપરત કરવાનું રહે છે.

<u>ફોરકલોઝરના કિસ્સામાં નોમીનેશનનું શું થઈ શકે છે ?</u>

ફોરકલોઝર થવા સાથે જ નોમીનેશન સ્થગિત થઈ જાય છે. સરન્ડર વેલ્યુની ચૂકવણી પહેલાં મૃત્યુનો દાવો ઊભો થાય તો મરનાર વીમાધારકના કાનૂની વારસદારને ચૂકવણી કરવામાં આવે છે.

આ સાથે વીમામાં વપરાતાં મહત્વના શબ્દો અંગેની સમજનો વિભાગ અહીં સમાપ્ત થાય છે. આમછતાં અમે આ પ્રકરણ પૂરું કરીએ તે પહેલાં પ્રીમિયમના વિષય પર ફરી એકવાર નજર નાંખીએ. વીમાનું આવરણ ચાલુ રહે તેની ખાતરી રાખવા પ્રીમિયમની ચૂકવણી કેટલી મહત્વની છે તે આ પ્રકરણનો અભ્યાસ કરવાને પરિણામે તમે આ અગાઉ સમજી લીધું હશે જ. આ એટલું મહત્વનું છે કે તેને વધુ વિગતે સમજવાનું યોગ્ય રહેશે.

<u>૨: પ્રીમિયમની ચૂકવણી તથા માન્ય આવરણ વચ્ચે સુસંગતતા</u>

જ્યારે વીમા પોલીસિ ખરીદવામાં આવે છે ત્યારે જોખમ વીમાધારક પાસેથી વીમા કંપનીને તબદીલ થઈ જાય છે. આ જોખમ તબદીલ કરવાની અવેજીમાં પોલીસિધારકે વીમા કંપનીને પ્રીમિયમ ચૂકવવું પડે છે. જો પ્રસ્તાવક કોઈપણ પ્રીમિયમ ન ચૂકવે તો પોલીસિ કયારેય અમલમાં આવતી નથી. કારણ કે આપણે પ્રકરણ- ૩ના પ્રથમ ભાગમાં જોયું કે કરારને માન્ય બનાવવા ચોક્કસ ચૂકવણી કરવી જરૂરી છે. જો પ્રસ્તાવક પ્રીમિયમની ચૂકવણી કરતો નથી તો કોઈ અવેજ નથી હોતો અને માટે કરાર પણ નથી હોતો. આ રીતે આપણે વિભાગ **તઉએ**માં જોયું કે પ્રીમિયમની પ્રથમ રસીદ વીમા કરાર શરૂ થયાનો પુરાવો છે.
પ્રસ્તાવ જેવો સ્વીકારાય છે અને પ્રથમ પ્રીમિયમ ચૂકવાય છે કે તરત જ વીમા કંપની પોલીસિની મુદતો અને શરતોને આધીન મૃત્યુનો દાવો ચૂકવવા બંધાય છે. જો કે પોલીસિધારક પછીનું પ્રીમિયમ ચૂકવવામાં નિષ્ફળ જાય તો પોલીસિ રદ થઈ જાય છે અને જો કશું પ્રતિકૂળ બને તો પોલીસિના લાભ મેળવવા તેઓ પાત્ર નથી હોતા. વધુમાં વધુ તેઓ તેમણે ભરેલા પ્રીમિયમની થોડીક રકમ પાછી મળવાની આશા રાખી શકે છે. આ સ્થિતિ આપણે વિભાગ **થ૧એ**માં જોઈ ગયા.

આના પરથી તમે સમજી શકશો કે વીમા કરાર ચાલુ રાખવા માટે પ્રીમિયમ કેટલું મહત્વનું છે અને પ્રસ્તાવક તેણે વીમો ખરીદતી વખતે માંગેલું રક્ષણ મેળવી શકે છે.

<u>ઉદાહરણ</u>

નીતિશ શર્મા તેની પોલીસિથી ચિંતીત છે અને તેણે કેટલાક પ્રશ્નો માટે છેલ્લી વખત શ્રી. કુમારનો સંપર્ક સાધ્યો. તેણે તેને પૂછયું કે બીમારીને કારણે તે પ્રીમિયમ ભરવામાં મોડો પડે અને પ્રીમિયમ ભરતાં પહેલાં જ તેનું મૃત્યુ થઈ જાય તો શું ? પ્રીમિયમનો ચેક ભરીને પોસ્ટ ઓફિસેથી ઘરે પરત આવતાં માર્ગમાં અકસ્માતને કારણે તેનું મૃત્યુ થઈ જાય તો શું ? શું તેનું આવરણ ચાલુ જ હોય છે કે પછી પોતાના મૃત્યુ બાદ સુમેધાને રક્ષણ આપવા તેણે કરેલી મહેનત પાણીમાં જશે અને સુમેધા દરેક લાભ ગુમાવશે ?

શ્રી. કુમારે નીતિશના દરેક પ્રશ્નોના શાંતિથી ઉત્તર આપ્યા.

પ્રીમિયમ ન ભરાયું હોય અને તેનું મૃત્યુ થાય તો શું થાય ?

પ્રીમિયમની ચૂકવણી વીમા કંપની દ્વારા અપાયેલા ગ્રેસ પીરિયડ સુધી ઢીલમાં જાય તો વીમા કંપની નોમીનિ અથવા કાનૂની લાભકર્તાને સંપૂર્ણ દાવો ચૂકવવા માટે જવાબદાર છે. નહી ચૂકવાયેલી પ્રીમિયમની રકમ વીમા કંપની દાવાની રકમમાંથી બાદ કરી નાંખશે.

પ્રીમિયમ કયારે ચૂકવી દેવાયેલું ગણાય ?

પ્રીમિયમ ત્યારેજ ચૂકવી દેવાયેલું ગણાય જ્યારે વીમા કંપનીને રકમ પ્રાપ્ત થાય છે. જો ચૂકવણી ચેક, ડીમાન્ડ ડ્રાફ્ટ અથવા મની ઓર્ડરથી કરાઈ હોય તો રકમ જ્યારે વીમા કંપનીના ખાતામાં ડિપોઝિટ કરાઈ હોય ત્યારે જ પેમેન્ટ કરાયું હોવાનું ગણવામાં આવે છે. જો કે વ્યવહારમાં પ્રીમિયમ ત્યારે જ ચૂકવાયું ગણાય છે જ્યારે કોઈપણ સ્વરૂપમાં પેમેન્ટ પ્રાપ્ત થયું હોય.

ચેક, ડીમાન્ડ ડ્રાફ્ટ અથવા મની ઓર્ડર સંક્રમણ (ટ્રાન્ઝિટમાં) હોય અને વીમાધારકનું મૃત્યુ થાય તો શું ?

ચેક, ડીમાન્ડ ડ્રાફ્ટ અથવા મની ઓર્ડર સંક્રમણ (ટ્રાન્ઝિટમાં) હોય અને વીમાધારકનું મૃત્યુ થાય તો એટલે કે વીમાધારક દ્વારા ચેક, ડીમાન્ડ ડ્રાફ્ટ અથવા મની ઓર્ડરથી ચૂકવણી કરી દેવાઈ હોય પરંતું વીમા કંપનીને તે પ્રાપ્ત થયા ન હોય તો વીમા કંપની 'આ સાધનો મોકલાયાના પુરાવા' માંગશે. 'ડીમાન્ડ ડ્રાફ્ટ' અથવા 'મની ઓર્ડર' જેવા સાધનોના પુરાવા પૂરા પાડી શકાય છે. આવા કિસ્સામાં વીમા કંપની પુરાવા મળવા પર પ્રીમિયમ ચૂકવાયાનું માની લે છે જો ચેક પોસ્ટ દ્વારા મોકલાયો હોય તો વીમા કંપની પોસ્ટ કરાયાના પુરાવા માંગશે.

મુખ્ય મુદ્દા

વીમા પોલીસિ કેવી રીતે ખરીદાય છે અને લેવાય છે

- વીમા કંપનીઓ પ્રોસ્પેકટસ અને વિજ્ઞાપનો મારફત પોતાના પ્રોડકટસમાં રસ જગાડે છે.

● વ્યક્તિએ ત્યારેજ પોલીસિ ખરીદવી જોઈએ જ્યારે તેણે એ ધ્યાનપૂર્વક સમજી લીધુ હોય કે તે તેની જરૂરિયાતો કેટલી સારી રીતે પૂરી પાડી શકે છે.

● જીવન વીમો સિંગલ લાઈફ અથવા સંયુકત જીવનના ધોરણે પણ લઈ શકાય છે અને પ્રસ્તાવકના પોતાના જીવન પર અથવા અન્યના જીવન પર પણ હોઈ શકે છે.

મુખ્ય દસ્તાવેજો

● પ્રસ્તાવ ફોર્મ માહિતીનું મુખ્ય સ્રોત છે જેની મારફત અન્ડરરાઈટર્સ પ્રસ્તાવકના જોખમની આકારણી કરી શકે છે.

● વયના માન્ય પુરાવા તરીકે લઈ શકાય એવા કેટલાક દસ્તાવેજમાં માધ્યમિક શાળાની માર્કશીટ, પાસપોર્ટ, જન્મ પ્રમાણપત્ર, ડ્રાઈવિંગ લાયસન્સ, મતદાર ઓળખપત્ર વગેરેનો સમાવેશ થાય છે.

● વીમા કંપની પ્રસ્તાવકને તેનો પ્રસ્તાવ સ્વીકારાયા અંગેની અને પ્રથમ પ્રીમિયમ રસીદ (એફપીઆર) જારી કરીને કંપનીને પ્રીમિયમ પ્રાપ્ત થયાની જાણ કરે છે.

●વીમા કંપની પોલીસિધારક પાસેથી પછીનું પ્રીમિયમ મેળવશે ત્યારે તે રિન્યુઅલ પ્રીમિયમ રસીદ (આરપીઆર) જારી કરે છે.

● પોલીસિ દસ્તાવેજ મહત્વનો દસ્તાવેજ છે. વીમાધારક અને વીમા કંપની વચ્ચેના કરારનો તે પુરાવો છે.

● વીમા કંપની શેરો કરીને મૂળ પોલીસિ દસ્તાવેજમાં સુધારો/ફેરબદલ કરવા મંજૂરી આપે છે.

વીમાના મુખ્ય શબ્દપ્રયોગો

● ડ્યૂ ડેટસ એટલે એવી તારીખ જ્યારે પોલીસિધારકે પ્રીમિયમની ચૂકવણી કરવાની રહે છે.

● ગ્રેસ પીરિયડ બાદ પણ પ્રીમિયમ ન ભરાય તો પોલીસિ રદ થયેલી ગણાય છે.

● પેઈડ અપ વેલ્યુ =. [{ચૂકવાયેલા પ્રીમિયમની સંખ્યા÷ ચૂકવવાના કુલ પ્રીમિયમની સંખ્યા (પોલીસિની મુદત)} X વીમાની રકમ] + બોનસ (જો હોય તો).

● 'સરન્ડર વેલ્યુ' અથવા 'કેશ વેલ્યુ' એટલે એવી રકમ જે પોલીસિ સરન્ડર કરવા પર વીમા કંપની ચૂકવવાને જવાબદાર રહે છે.

● બંધ પડેલી પોલીસિ ફરી શરૂ થાય તેને રિવાઈવલ કહેવાય છે.

● નોમીનેશન એટલે વીમાધારકના મૃત્યુના કિસ્સામાં વીમા કંપની દ્વારા વીમાની રકમ કોને ચૂકવવી તે વ્યક્તિ અથવા વ્યક્તિઓના વીમાધારક દ્વારા સૂચવાતા નામ.

● વીમા પોલીસિમાં એસાઈનર દ્વારા એસાઈનીને ટાઈટલ, હક અને હિતોની કરાતી તબદીલીના સંદર્ભમાં એસાઈનમેન્ટનો ઉલ્લેખ થાય છે.

● લોન લેનાર લોનના રિપેમેન્ટમાં નિષ્ફળ રહે તો વીમા કંપની તેની પોલીસિ રદ કરવાનો વિકલ્પ ધરાવે છે જેને ફોરકલોઝર કહેવાય છે.

માન્ય આવરણ અને પ્રીમિયમની ચૂકવણી વચ્ચે સુસંગતતા

● પ્રીમિયમની ચૂકવણી વીમા કરાર પેટે ચૂકવાતી ચોક્કસ રકમ છે અને જો તે ન ચૂકવાય તો કરાર ચાલુ રહેતો નથી અને માટે આવરણ રહેતું નથી.

સવાલજવાબ

૩.૩

સાચી ઉંમરના પુરાવા તરીકે સ્વીકારી શકાય એવા દસ્તાવેજને ધોરણસરના દસ્તાવેજ અને બિન-ધોરણસરના દસ્તાવેજ તરીકે વર્ગીકૃત કરી શકાય છે. ઉંમરના ધોરણસરના પુરાવા તરીકે લઈ શકાય એવા કેટલાક દસ્તાવેજ નીચે પ્રમાણે છેઃ

● શાળા અથવા કોલેજમાંથી રેકોર્ડસનું પ્રમાણપત્ર;
● જન્મ અથવા મૃત્યુ નોંધણી કચેરી ખાતેના પ્રમાણિત ઊતારા અથવા જન્મ વખતે સુધરાઈમાં કરાયેલી નોંધના ઊતારા;
● પાસપોર્ટ;
● પરમેનન્ટ એકાઉન્ટ નંબર (પાન) કાર્ડ;
● માલિકના સર્વિસ રજિસ્ટર;
● બાપ્ટિઝમનું સર્ટિફિકેટ;
● કુટુંબના બાઈબલમાંથી પ્રમાણિત ઊતારા, જો તેમાં જન્મતારીખ હોય તો;
● સંરક્ષણ કર્મચારીને સુરક્ષા વિભાગ દ્વારા જારી કરાયેલું ઓળખપત્ર; અને
● રોમન કેથલિક ચર્ચ દ્વારા જારી કરાયેલ લગ્નનું પ્રમાણપત્ર.

વયના બિન-ધોરણસરના પુરાવા તરીકે લઈ શકાય એવા કેટલાક દસ્તાવેજ નીચે પ્રમાણે છેઃ

● સ્વ-જાહેરનામું (જાતે કરેલ સોગંદનામું), ઘરના વૃદ્ધો દ્વારા કરાયેલ જાહેરનામું અથવા એફિડેવિટ;
● ગ્રામ પંચાયતનું પ્રમાણપત્ર.
● જન્મ સમયે તૈયાર કરાયેલી કુંડળી; અને
● રેશન કાર્ડ;

૩.૪

એફપીઆર નીચેની વિગતો આવરી લે છેઃ

● વીમાધારકનું નામ અને સરનામું;
● પોલીસિ ક્રમાંક;
● ચૂકવાયેલી પ્રીમિયમની રકમ;
● પ્રીમિયમ ચૂકવણીની પદ્ધતિ અને મુદત;

● હવે પછીનું પ્રીમિયમ ચૂકવવાની તારીખ;
● જોખમ શરૂ થયાની તારીખ (એટલે કે આવરણ કયારથી શરૂ થયું) ;
● પોલીસિની પાકવાની તારીખ;
● છેલ્લું પ્રીમિયમ કયારે ચૂકવવાનું રહેશે તેની તારીખ; અને
● ઊતારાયેલા વીમાની રકમ.

<u>સ્વચકાસણી પ્રશ્નો</u>

૩. નોમીનિ સગીર હોય અને એપોઈન્ટીની નિમણૂંક ન થઈ હોય તો શું થાય?
૪. 'ફ્રી લુક -ઈન પીરિયડ' અથવા 'કુલીંગ -ઓફ્ફ પીરિયડ' એટલે શું?
૫. પોલીસિ બંધ થઈ જાય તો શું થાય?

આ પ્રશ્નોના ઉત્તર તમને પછીના પૃષ્ઠ પર જોવા મળી શકશે.

<u>સ્વચકાસણી પ્રશ્નોત્તરી</u>

૩. નોમીનિ જ્યાં સગીર હોય ત્યાં વીમાધારકે એપોઈન્ટીની નિમણૂંક કરવાની રહે છે. એપોઈન્ટીની નિમણૂંક ન થઈ હોય અને નોમીનિ સગીર હોય ત્યારે તેવા કિસ્સામાં વીમાધારકનું મૃત્યુ થાય તો મૃત્યુનો દાવો વીમાધારકના કાનૂની વારસદારને ચૂકવાય છે અને નહીં કે સગીરના કુદરતી અથવા નિયુકત વાલીને.

૪. એફપીઆર જારી કરવા સાથે વીમા કરારનો પ્રારંભ થાય છે. આમછતાં, ઈરડાના નિયમો પ્રસ્તાવકને જો તે પોલીસિની મુદતો અને શરતો સાથે સહમત ન થાય તો પોલીસિ દસ્તાવેજ પ્રાપ્ત થવાની તારીખથી ૧૫ દિવસની અંદર કરારમાંથી હટી જવાનો વિકલ્પ આપે છે. આ સમયગાળો 'ફ્રી લુક -ઈન પીરિયડ' અથવા 'કુલીંગ -ઓફ્ફ પીરિયડ' તરીકે ઓળખાય છે. જો પ્રસ્તાવક કરારમાંથી હટી જાય તો વીમા કંપનીએ કેટલાક ખર્ચ જેમ કે ટૂંકા ગાળા માટે પૂરા પડાયેલ જોખમને આવરી લેવા માટેનો ખર્ચ, તબીબી ચકાસણી અને સ્ટેમ્પ ડ્યૂટી પેટે કરેલા ખર્ચને બાદ કરીને બાકીની રકમ પાછી આપવાની રહે છે.

૫. એક વખત પોલીસિ લેપ્સડ થઈ જવા પર પોલીસિધારક તેના દરેક પ્રીમિયમ ગુમાવી બેસે છે અને પોલીસિ પર કોઈ દાવા ઊભા થઈ શકતાં નથી. આમછતાં વીમા કંપની કરાર રદ કરતી નથી. તેઓ પોલીસિધારકને બાકી પ્રીમિયમની ચૂકવણી અને સારી તંદૂરસ્તીના સહી કરાયેલા જાહેરનામા જેવા વિવિધ વિકલ્પો પૂરા પાડીને પોલીસિ ફરી શરૂ કરવા પરવાનગી આપે છે.